# શુદ્ધ ગુજરાતી જોડણી

आज़ादी का अमृत महोत्सव




सर्वज्ञं तद् अहम् वंदे परमज्योतिः तमोपहम् ।
प्रावृत यन्मुखात् देवी सर्व-भाषा-सरस्वती ॥

ભાષા નિયામકની કચેરી,
ગુજરાત રાજ્ય,
ગાંધીનગર.

सत्यमेव जयते

# શુદ્ધ ગુજરાતી જોડણી

પુનઃ મુદ્રણ
૨૦૨૧

Azadi Ka Amrit Mahotsav

ભાષા નિયામક
ભાષા નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

© ભાષા નિયામકની કચેરી
ગુજરાત રાજ્ય
ગાંધીનગર

**પ્રથમ આવૃત્તિ : ૨૦૦૬**
**પુનઃ મુદ્રણ : ૨૦૨૧**

**પ્રકાશક :**
ભાષા નિયામક
ગુજરાત રાજ્ય
બ્લોક ન. ૬, પહલો માળ,
ડૉ. જીવરાજ મહેતા ભવન
ગાંધીનગર-૩૮૨૦૧૦
વેબસાઈટ : www.dol.gujarat.gov.in

**મુદ્રક :**
સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી,
રાજકોટ

## પુનઃ મુદ્રણ વિશે

ગુજરાત સરકારની ગુજરાતી ભાષાના પ્રચાર અને પ્રસાર માટેની રાજભાષા નીતિ અંતર્ગત ૨૦૦૬ના વર્ષમાં ગુજરાતી ભાષાની જોડણી સરળતાપૂર્વક છતાં શુદ્ધ લખાય તે આશયથી આ કચેરી દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. પ્રકાશનને ઘણો સમય પસાર થયો હોઈને ફરી આ પુસ્તકની નકલો ઉપલબ્ધ કરાવવા આ પુસ્તકનું પુનઃમુદ્રણ કરવામાં આવ્યું છે. સરકારી કામકાજમાં, સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં અને ભાષાના અન્ય તમામ ક્ષેત્રે શુદ્ધ ગુજરાતી ભાષાના આ પુસ્તકની મદદથી ગુજરાતી ભાષા સમજવા અને શીખવામાં મદદ મળશે એવી આશા છે. આ પુસ્તકનું પુનઃમુદ્રણ કરતાં ભાષા નિયામકની કચેરી આનંદની લાગણી અનુભવે છે.

ડૉ. પંકજ ગોસ્વામી

**ભાષા નિયામક**

## બે બોલ

આપણો દેશ સ્વતંત્ર થતાં દેશમાં લોકશાહી સ્વરાજ્ય શરૂ થયું. લોકો દ્વારા, લોકો માટે ચાલતા લોકોના રાજ્યનું શાસન લોકોની ભાષામાં ચાલે એ ઉચિત સમજીને ભારતના સંવિધાને કલમ ૩૪૩થી સંઘની રાજભાષા હિન્દીને માન્ય કરી છે અને કલમ ૩૪૫થી રાજ્યોમાં સરકારી કામકાજ માટે પ્રાદેશિક ભાષાને જે તે રાજ્યની રાજભાષા તરીકે માન્ય ગણવાની છૂટ આપી છે.

ગુજરાત રાજ્યે તેની સ્થાપના થતાંની સાથે જ સમગ્ર સરકારી કામગીરી ગુજરાતી ભાષામાં કરવાની નીતિની જાહેરાત કરી અને રાજ્યના પહેલા અધિનિયમથી ગુજરાતી અને હિન્દીને રાજભાષા તરીકે માન્યતા આપી છે. આયોજિત વિકાસ અને લોકકલ્યાણના રાજ્યના શાસનના આગ્રહથી હવે રાજ્ય સરકારની કામગીરી વિસ્તરતી જાય છે. આ પરિસ્થિતિમાં વહીવટી ભાષાનું શબ્દ ભંડોળ પણ સમૃદ્ધ બન્યું છે અને વહીવટમાં વપરાતી ગુજરાતી ભાષાની જોડણી સરળતાપૂર્વક છતાં શુદ્ધ લખાય તે આશયથી આ કચેરી દ્વારા આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે.

જોડણી વિષયક અનેક પુસ્તક/પુસ્તિકાઓ પ્રકાશિત થયાં છે. પરંતુ ઉંઝા જોડણી વિષયક વિવાદો ઊભા થતાં રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા મહામહિમ શ્રી કે. કા. શાસ્ત્રીના અધ્યક્ષપદે વહીવટમાં ખરેખર ઉપયોગી તેવી અને સાચી જોડણી સૂચવવા માટે ગુજરાતી ભાષાના મૂર્ધન્ય તજ્જ્ઞોની એક સમિતિ રચવામાં આવી હતી. આ સમિતિએ સમયાંતરે બેઠકો યોજી અને સઘન વિચારણાના અંતે નિષ્કર્ષરૂપ જોડણી વ્યવસ્થા તૈયાર કરી. આ બાબતે શિક્ષણ વિભાગે તારીખ ૯-૧૧-૨૦૦૧ના રોજ ઠરાવ કર્યો છે જેની વિગત આ પુસ્તકમાં આપવામાં આવી છે. તેથી રાજ્ય સરકારના વહીવટમાં ઉક્ત ઠરાવ મુજબ ગુજરાતી ભાષાની જોડણી કરવાની થાય છે.

આ પુસ્તકમાં સામાન્ય જન માનસને સમજાય તેવા જોડણીના સામાન્ય નિયમો ઉપરાંત શુદ્ધ જોડણી, જોડણી ફેરથી અર્થફેર, વિરામચિહ્નો, પ્રૂફરીડિંગની સંજ્ઞાઓ તથા ગુજરાતી ભાષાના સુભાષિતો અને સુવચનો વગેરે અંગે છણાવટ કરી તેનાં ઉદાહરણો સહિત નિયમો પણ સમજાવવામાં આવ્યા છે.

શુદ્ધ ગુજરાતી ભાષાના તાલીમવર્ગના તાલીમ સાહિત્ય તરીકે કચેરીની સંશોધન શાખામાં આ પુસ્તક તૈયાર કરવામાં આવ્યું છે. જે તાલીમવર્ગમાં આવતા સહુ અધિકારી/ કર્મચારી મિત્રો તેમજ વિદ્યાર્થીઓને પણ ખૂબ જ ઉપયોગી અને માર્ગદર્શક પુરવાર થશે તેવી શ્રદ્ધા સાથે આ પુસ્તક પ્રકાશિત કરતાં આનંદની લાગણી અનુભવું છું.

૨૦૦૬ — વરદરાજ પંડિત

ગાંધીનગર — ભાષા નિયામક

# અનુસૂચિ


| | | પૃષ્ઠ નંબર |
|---|---|---|
| ૧. | ગુજરાતી ભાષાની જોડણીમાં સુધારા અંગે શિક્ષણ વિભાગનો ઠરાવ | ૧ |
| ૨. | નિષ્કર્ષરૂપ જોડણી-વ્યવસ્થા | ૨ |
| ૩. | જોડણીના સામાન્ય નિયમો | ૭ |
| ૪. | અનુસ્વાર અષ્ટક | ૨૦ |
| ૫. | જોડાક્ષર, કેટલીક ધ્યાનમાં રાખવા જેવી બાબતો અને અંગ્રેજી શબ્દોની જોડણીના નિયમો | ૨૨ |
| ૬. | શુદ્ધ જોડણી | ૨૬ |
| ૭. | જોડણી ફેરથી અર્થફેર | ૨૯ |
| ૮. | બંને જોડણી સાચી | ૩૫ |
| ૯. | વિરામચિહ્નો | ૩૮ |
| ૧૦. | પ્રૂફરીડિંગની સંજ્ઞાઓ | ૪૭ |
| ૧૧. | ક્લિષ્ટ શબ્દાવલી | ૫૦ |
| ૧૨. | ભાષા કવિતા-વિચાર | ૫૩ |
| ૧૩. | સુવચનો અને સુભાષિતો | ૬૨ |

## ગુજરાતી ભાષાની જોડણીમાં સુધારા કરવા માટે કાર્યપદ્ધતિ નિયમો નક્કી કરવા અંગે

**ગુજરાત સરકાર,**

**શિક્ષણ વિભાગ,**

ઠરાવ ક્રમાંક : પરચ-૧૫-૨૦૦૦-એમ-૧૮-૨,

સચિવાલય, ગાંધીનગર.

તારીખઃ- ૯-૧૧-૦૧

**વંચાણમાં લીધા :-** (૧) ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત સાર્થ ગૂજરાતી જોડણીકોશ.

(૨) શિક્ષણ વિભાગનો તા. ૨-૭-૦૧નો ઠરાવ ક્રમાંક : પરચ-૧૫-૨૦૦૦-એમ-૧૮-૨.

**ઠરાવ**

ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા પ્રકાશિત સાર્થ ગૂજરાતી જોડણીકોશ અનુસાર ગુજરાતી ભાષામાં જોડણી કરવામાં આવે છે. દરમિયાનમાં ગુજરાતી ભાષાની જોડણીને હજુ પણ વધુ સરળ બનાવવા માટે સરકારશ્રીમાં અનેક રજૂઆતો થયેલ એટલે તે અન્વયે જોડણી સુધાર સમિતિની રચના શ્રી કે. કા. શાસ્ત્રીના અધ્યક્ષપદે ઉપર ક્રમાંક : (૨) માં દર્શાવેલ ઠરાવથી કરવામાં આવેલ. આ સમિતિએ ગુજરાતી ભાષાની જોડણી માટે સાર્થ જોડણીકોશને જ આધારભૂત અને સર્વમાન્ય ગણેલ છે. તદુપરાંત, ગુજરાતી ભાષાની જોડણી સામેલ પરિશિષ્ટ-૧ **નિષ્કર્ષરૂપ જોડણી વ્યવસ્થા**માં દર્શાવ્યા મુજબ થાય તેમ સરકારશ્રીએ ઠરાવેલ છે. આથી, રાજ્યમાં તમામ પ્રકારના વ્યવહારમાં જેમાં ગુજરાતી ભાષાનો ઉપયોગ કરવામાં આવે તેમાં ઉપર દર્શાવેલ નિષ્કર્ષરૂપ જોડણી વ્યવસ્થા અનુસાર ગુજરાતી શબ્દોની જોડણી થાય તેનું ધ્યાન રાખવા રાજ્યના ગુજરાતી પ્રેમી અને લાગતાવળગતા સર્વેજનોને જણાવવાનું ઠરાવવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

સહી
(આર. બી. ધંધુકિયા)
ઉપસચિવ,
શિક્ષણ વિભાગ.

## ૨. નિષ્કર્ષરૂપ જોડણી વ્યવસ્થા

જોડણી વિશે એક ચોક્કસ સ્વરૂપ સ્થિર થયું છે. એને આંચ ન આવે અને જોડણીમાં શક્ય એટલી એકવાક્યતા જળવાય એ માટે સરકારે નીમેલા વિદ્વાનો પાસેથી અભિપ્રાયો જાણી, એમના નિર્બાધ અભિપ્રાયોને લક્ષમાં રાખી સરકારશ્રીએ સર્વસંમતિથી જોડણી અંગે લીધેલા મહત્ત્વના નિર્ણયો નીચે મુજબ છે :

### (ક) પરભાષાના શુદ્ધ (તત્સમ) શબ્દોની જોડણી

(૧) સંસ્કૃત, અરબી, ફારસી, અંગ્રેજી વગેરે ભાષાના શુદ્ધ શબ્દોની જોડણી ગુજરાતી ભાષામાં જાણીતા ઉચ્ચારણોને ધ્યાનમાં રાખી મૂળ પ્રમાણે કાયમ રાખવી.

સંસ્કૃતનાં રૂપો પ્રત્યય વિનાનાં પહેલી વિભક્તિ એકવચનમાં જ નોંધવાં. ઉદા. સંમતિ, મતિ. એ જ રીતે ગુરુ, હરિ, નીતિ, શાંતિ, નિધિ, સ્થિતિ, શ્રીયુત, પાશ્ચાત્ય, પૌરસ્ત્ય, પ્રામાણિક, કર્તા, પિતા, વિદ્યાર્થી, હસ્તી, યશસ્વી, મનસ્વી, વિદુષી, ભગવતી, શ્રીમતી, સુદિ, વદિ, આગાહી, અમીરી, ઉર્દૂ, કાબૂ, કાબુલી, કિસ્સો, કીમતી, ખૂબી, ગિરો, ચાકૂ, જાદૂ, જાસૂસી, તંબૂ, તૂતી, તૈયારી, દારૂ, પીલુ, બાજૂ, રજૂ, રૂબરૂ, મ્યુનિસિપાલિટી, કમિટી, યુનિવર્સિટી, વગેરે.

(૨) જેને છેડે વ્યંજન હોય તેવા શબ્દો ગુજરાતી પ્રત્યય લેતા હોય તેને અકારાંત ગણીને લખવા ; જગત, વિદ્વાન, ભગવાન, પરિષદ, સંસદ, ધનુષ, આશિષ, આયુષ, અકસ્માત, અકીક, અજબ, અંગૂર, અંજીર, આલિશાન, ઈજાર, ઈમારત, ઈલાજ, કબૂતર, કબૂલ, કસૂર, કાનૂન, કૂચ, કોશિશ, કોહિનૂર, ખુદ, ખૂન, ગુમ, ચાબુક, જરૂર, જાસૂસ, ઝનૂન, તવારીખ, તારીખ, દસ્તૂર, દીવાન, દીવાલ, સાબિત, અપીલ, કોર્ટ, કેબલ, પેન્સિલ, બૂટ, સ્કૂલ, બુક, ડૉક્ટર, સ્ટેશન, વગેરે.

પશ્ચાત્, કિંચિત્, અર્થાત્, ક્વચિત્, સાક્ષાત્, અકસ્માત્, જેવા શબ્દો એકલા આવે ત્યારે એ જેમ છે તેમ વ્યંજનાંત લખવા, પણ એ શબ્દો પછી 'જ' કે 'ય' અવ્યયો આવે ત્યારે સ્વરાંત લખવા. જેમ કે, ક્વચિત જ, સાક્ષાત જ, વગેરે.

### (ખ) વિકાર પામેલા (તદ્ભવ) શબ્દોની જોડણી

(૩) તદ્ભવ શબ્દોને છેડે આવતા અનનુનાસિક ઈ કે અનુનાસિક ઈ દીર્ઘ કરવા.

ઉદા. : કીકી, કીડી, સીડી, કઢી, ચમચી, કડછી, જુગારી, અહીં, જહીં, તહીં, ક્યહીં, દહીં, નહીં, મહીં.

તદ્ભવ શબ્દોને છેડે આવતા અનનુનાસિક ઉ કે અનુનાસિક ઉ હ્રસ્વ કરવા.

ઉદા. અગાઉ, ખેડુ, ગાઉ, ગોખરુ, ટાપુ, રખડું, ખીસું, ધીમું, ફૂદું, ઊજળું, બિહામણું.

માત્ર એકાક્ષરી શબ્દોનો ઉપરના નિયમમાં અપવાદ કરવો. એકાક્ષરી શબ્દોમાં અનનુનાસિક ઊ નો વિકલ્પ લખવો. જેમ કે - જૂ - જુ, છૂ - છુ, થૂ - થુ, દૂ - દુ, બૂ - બુ, ભૂ - ભુ, રૂ - રુ

(૪) અનુનાસિક ઈં અને ઊં

શબ્દમાં અંત્ય ઈં ના અપવાદે કોઈપણ સ્થાને આવતા ઈ નો વિકલ્પ કરવો.

ઉદા. ઈંટ, રીંછ, નીંદર, ઢીંચણ, હીંચકો, ચીંદરડી, મીંચામણાં, પરંતુ, અહીં, નહીં, જહીં, તો નહીંનો વિકલ્પ ' નહિ ' તત્સમ હોવાથી.

શબ્દમાં છેલ્લા સિવાયનાં બધાં જ સ્થાનોએ ઊં નો વિકલ્પ કરવો.

ઉદા. ઊંઘ-ઉંઘ, થૂંક-થુંક, ઊંચાણ-ઉંચાણ, ઘૂંઘટ-ઘુંઘટ, મૂંઝવણ-મુંઝવણ, લૂંટાલૂંટ-લુંટાલુંટ, ગૂંછળિયાળું-ગુંછળિયાળું, હૂંડિયામણ-હુંડિયામણ.

(૫) જોડાક્ષરથી જ્યાં આગલા સ્વરને થડકો લાગતો હોય ત્યાં, અર્થાત્ જોડાક્ષર પૂર્વેના અક્ષરમાં આવતા ઈ કે ઉ હ્રસ્વ લખવા. ઉદા. કિલ્લો, બિલ્લો, ઈજ્જત, કિસ્મત, કુસ્તી, સુસ્તી, ઉમ્મર, ઉંમર, હુન્નર, પિસ્તાળીસ.

(૬) બે અક્ષરના શબ્દોમાં ઉપાંત્ય ઈ કે ઊ દીર્ઘ લખવાં. (બે અક્ષરના શબ્દોમાં ઉપાંત્ય એટલે અંત્યાક્ષરની પૂર્વેના) ઈજા, ખીણ, ચીસ, જીભ, ઠીક, ભીનું, દીવો, પીઠી, કૂવો, ચૂડી, જૂઠ, ધૂળ, ખૂબી, સૂડી, ફૂદું, સૂકું.

**અપવાદ :** જ્યાં વ્યુત્પત્તિને કારણે કે રૂઢિને લીધે જોડણી જુદી થતી હોય તેવા શબ્દો હ્રસ્વ લખવા.

ગિની, ચિંટ, ટિન, ટિપ, ઉર્દૂ, ઉર્સ, કુળ, ખુશ.

ત્રણ અક્ષરના શબ્દોમાં મધ્યાક્ષરમાં હ્રસ્વ-દીર્ઘ અક્ષરોને ધ્યાનમાં રાખી જોડણી કરવી.

(ક) ઉપાંત્ય કે મધ્યાક્ષર દીર્ઘ હોય ત્યારે પ્રથમાક્ષરમાં ઇ કે ઉ હ્રસ્વ કરવા.

ઉદા. ઇજાફો, કિનારો, જિરાફ, મિનારો, હિલોળો, ઉચાટ, ઉધાર, ઉનાળો, કુહાડો, સુથાર, લુહાર.

(ખ) ઉપાંત્ય કે મધ્યાક્ષર હ્રસ્વ હોય તો પ્રથમાક્ષરમાં ઈ કે ઊ દીર્ઘ કરવાં.

ઉદા. કીચડ, ખીજડો, દીવડો, પીપળ, લીમડો, હીજડો, ઊધઈ, કૂકડો, ખૂમચો, છૂટકો, ભૂસકો, સૂરજ.

**અપવાદ :** અહીં પણ વ્યુત્પત્તિ કે રૂઢિને કારણે જ્યાં જુદી જોડણી થાય છે તેને અપવાદ ગણવોઃ જેમ કે ઉપર, ચુગલી, કુરતું, ટુચકો, કુમળું, જેવા.

(ગ) ચાર કે ચારથી વધુ અક્ષરવાળા શબ્દોમાં જો એ એક જ ઘટકના કે પ્રાથમિક શબ્દો હોય ત્યાં પ્રથમાક્ષરમાં ઇ કે ઉ હ્રસ્વ લખવા, જેમ કે, ઇમારત, ખિસકોલી, ઉધરસ, ઉપરાંત, કુરબાન, ગુલશન, જુમેરાત.

ત્રણ અને ત્રણથી વધુ અક્ષરવાળા શબ્દોમાં અપવાદ કે વિકલ્પ.

બે કે ત્રણ અક્ષરના પ્રાથમિક શબ્દોને પ્રત્યયો લાગતાં કે સામાસિક બનતાં અને દ્વિરુક્ત પ્રયોગોમાં પ્રાથમિક શબ્દો ત્રણ કે ત્રણથી વધુ અક્ષરોના બને ત્યાં પ્રાથમિક શબ્દ કે મૂળ અંગની જોડણી વિકલ્પે કરવી.

ઉદા. રીસાળ-રિસાળ, મૂછાળો-મુછાળો, ખીચડિયું-ખિચડિયું, થીગડિયું-થિગડિયું, ઘૂઘરિયાળ-ઘુઘરિયાળ.

(૭) શબ્દના બંધારણમાં કોઈપણ સ્થાને ' ય ' શ્રુતિ આવતી હોય ત્યાં પૂર્વેનો ઇ હ્રસ્વ કરવો.

ઘોડિયું, ડોળિયું, થડિયું, માળિયું, ધોતિયું, પિયર, મહિયર, અડિયલ, ફરજિયાત, લેણિયાત, વાહિયાત.

નીચેના અપવાદો દૂર કરવા અને એમની જોડણી કૌંસ બહાર દર્શાવ્યા પ્રમાણે કરી લેવી.

(પીયો) પિયો, (પીયળ) પિયળ, (ચીયો) ચિયો રૂપ સ્વીકારવાં.

(૮) ભૂતકૃદંતનાં ' એલું ' પ્રત્યયવાળાં રૂપોમાં જોડણી નીચે મુજબ કરવી.

ગયેલું, જોયેલું, થયેલું, મુકાયેલું, સચવાયેલું, ધોયેલું, ખોયેલું, ખોવાયેલું, વગેરે.

વ્યંજનાંત અંગોમાં ' એલું ' જ રહેશે :

કરેલું, બોલેલું, આવેલું, જણાવેલું, જાણેલું, વગેરે.

(૯) ઐ - ઓ સંયુક્ત સ્વરો અને અઈ-અઉ સ્વરયુગ્મોના લેખનમાં સાવધાની રાખવી.

પૈસો, પૈડું, ચૌદ, રવૈયાં, ગવૈયાં, પાઈ, પાઉંડ, ઘઉં, જઈ, થઈ, વગેરે શિષ્ટ છે.

(૧૦) ' હ ' શ્રુતિ

તદ્ભવ શબ્દોમાં જ્યાં હકાર સંભળાતો હોય ત્યાં પૂર્વેના વ્યંજનમાં ' અ ' ઉમેરી જોડણી કરવી. ' હ ' શ્રુતિ એ સ્વરનું મર્મરત્વ છે. વાસ્તવમાં તો સ્વર જ મહાપ્રાણિત હોય છે. ' હ ' જ્યાં દર્શાવવો હોય ત્યાં જુદો પાડીને લખવો કે - બિલકુલ ન દર્શાવવો. ' હ ' ને આગલા અક્ષર સાથે બ્હેન, ત્હારું, જેવા રૂપે ક્યારેય ન જોડવો : જેમ કે,

બ્હેન નહીં પણ બહેન, એ જ રીતે વહાણું, વહાલું, પહોળું, મહાવત, શહેર, મહેરબાન, મહાવરો, મહોલ્લો, મહોર અને કહે, રહે, જેવાં રૂપો લખવાં. ઉપરાંત મારું, તારું, અમારું, તમારું, તેનું, એનું, નાનું, બીક, સામું, ઊનું, મોર, ત્યાં, જ્યારે, વગેરે આ પ્રમાણે લખાય છે એમ લખવાં.

(૧૧)જોડાક્ષરમાં અલ્પપ્રાણ + મહાપ્રાણ કે મહાપ્રાણ + મહાપ્રાણ એમ વિકલ્પે જોડણી કરવી:

પત્થર - પથ્થર, ઝબ્ભો-ઝભ્ભો, ચિટ્ઠી - ચિઠ્ઠી, ચોક્ખું - ચોખ્ખું, અચ્છેર-અછ્છેર, પચ્છમ-પછ્છમ.

(૧૨)(ક) શબ્દારંભે શ/સ નો સ્થાનફેર અર્થભેદક હોઈ જ્યાં જે ઘટક હોય ત્યાં તે ઘટક જ લખવો.

જેમ કે, શાલ/સાલ, શાળા/સાળા, શાર/સાર

જ્યાં શ-સ નો વિકલ્પ હોય ત્યાં બંને રૂપો સ્વીકારવાં.

અગાશી-અગાસી, ઉજાશ-ઉજાસ, ઓશરી-ઓસરી, કપાશિયો-કપાસિયો, જશોદા-જસોદા, વીશ-વીસ, ત્રીશ-ત્રીસ, પચીશ-પચીસ, પચાશ-પચાસ, એંશી-એંસી વગેરે.

(ખ) જ/ઝ નો વિકલ્પ સ્વીકારવો.

સાંજ-સાંઝ, મજા-મઝા, સમજ-સમઝ

(ગ) વિશે-વિષેમાંથી માત્ર ' વિશે ' જ રાખવું.

(ઘ) ભાષામાં જેમ તત્સમ અને તદ્ભવ બંને રૂપો માન્ય છે તેમ પ્રેરક માટેનાં-રાવ, ડાવ, આર-આડ, રૂપો વિકલ્પે રાખવાં. ઉદા. કહેવરાવ-કહેવડાવ, ગવરાવ-ગવડાવ, બેસાર-બેસાડ.

ઉપરાંત,

લીમડો-લીંબડો, આમલી-આંબલી, ચીબરી-ચીબડી, ચીથરું-ચીથડું, આફૂસ-હાફૂસ, વગેરે બંને રૂપો ચાલુ રાખવાં.

(૧૩)ક્રિયાપદોનાં મૂળ અંગો ઉપરથી પ્રેરક, કર્મણિ કે ભાવે પ્રયોગનાં અંગો સિદ્ધ થાય ત્યારે મૂળ અંગોની જોડણી બદલાય. ક્રિયાપદના મૂળ અંગ તરીકે ' વું ' પ્રત્યય સિવાયનું રૂપ જ હોય. ઊગ-ઉગાડ, ઊઠ-ઉઠાડ, કૂદ-કુદાવ, મૂક-મુકાવ, ઊઘડ-ઉઘાડ, ઊતર-ઉતાર, ઊખડ-ઉખેડ, ઊઘલ-ઉઘલાવ, કર્મણિ-ભાવેનાં ઉગાય, ઉઠાય, કુદાય, મુકાય, ઉઘાડાય જેવાં રૂપ બને છે.

જીવ, દીપ, પૂજ અને પીડ એ ધાતુઓનાં તેમ કબૂલનાં રૂપો ઉપરની વ્યવસ્થામાં ગોઠવી લેવાં.

કૃદંત રૂપોમાં પ્રત્યય જેને લાગ્યો હોય તે મૂળ કે સાધિત અંગની જોડણી જ રાખવી : જેમ કે,

ભૂલનાર, મૂકનાર, ભુલાવનાર, મુકાવનાર, ભૂલેલું-ભુલાયેલું, મૂકેલું-મુકાયેલું, મૂક્યું-મુકાયું, ભૂલ્યું-ભુલાયું (ભૂલશે-ભુલાશે).

તા. ૧૨-૭-૨૦૦૧

સહી/-
**(કેશવરામ કા. શાસ્ત્રી)**
અધ્યક્ષ,
ગુ. જો. સુ. સમિતિ.

# ૩. જોડણીના સામાન્ય નિયમો

ગુજરાતી ભાષાનું એક અગત્યનું શાસ્ત્રીય પાસું છે ભાષા શુદ્ધિનું, જોડણી શુદ્ધિનું. પૂ. ગાંધીજીએ ગુજરાતી ભાષાની જોડણીમાં થતી ભૂલો અંગે અકળાઈને કહ્યું હતું : ''અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે. તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઇએ.'' જોડણી એટલે એક, બે કે વધુ અક્ષરો જોડાઇને પરંપરાથી સર્જાયેલો શબ્દ, પ્રગટેલો અર્થવાળો અક્ષર કે અક્ષરસમૂહ. અંગ્રેજીમાં તેને 'સ્પેલિંગ' કહે છે, હિન્દીમાં તેને 'વર્તની' કહે છે. ભાષા લિપિબદ્ધ થઇ ત્યારથી તે અંગેના નિયમો ઘડાયા. દરેક ભાષાની પોતાની આગવી તાસીર તથા નિયમો હોય છે. ગુજરાતી ભાષાને પણ તેની જોડણીને લગતા નિયમો છે.

જોડણી એટલે અક્ષરોને લખવા-જોડવાની એક શાસ્ત્રીય રીત. કોઇ પણ ભાષાના શબ્દો કેમ લખવા એ અંગેના નિયમો એટલે જોડણીના નિયમો. શબ્દોની શુદ્ધ જોડણી ભાષાનું અનિવાર્ય અંગ છે. જેમાં અક્ષરશુદ્ધિ, જોડાક્ષરશુદ્ધિ, અનુસ્વાર શુદ્ધિ, શબ્દશુદ્ધિ, વાક્યશુદ્ધિ, વિરામચિહ્નોની શુદ્ધિ વગેરેનો સમાવેશ થાય છે. ગુજરાતી ભાષા અન્ય ભારતીય ભાષાઓની જેમ સંસ્કૃત ભાષામાંથી ઉદ્‌ભવી છે, વિકસી છે. સંસ્કૃત ભાષાના શબ્દો એમનું મૂળ સ્વરૂપ યથાવત્ રાખીને વપરાતા રહ્યા છે, આવા શબ્દોને 'તત્સમ' શબ્દો કહે છે. આ સિવાય સંસ્કૃત અને અન્ય ભાષાઓના કેટલાક શબ્દો રૂપાંતર પામ્યા અને ગુજરાતી ભાષામાં ગૂંથાઇ ગયા તેવા શબ્દોને 'તદ્‌ભવ' શબ્દો કહે છે. આ શબ્દોની રચના, ઘડતર (Formation) કેવી રીતે થાય છે તેના સ્વરૂપનો અહીં થોડો ખ્યાલ આપ્યો છે.

સંસ્કૃતમાં જેને પૂર્વગ, ઉપસર્ગ કહે છે, અંગ્રેજીમાં જેને Prefix કહે છે તેવા કેટલાક શબ્દોની પૂર્વે મુકાતા અને જોડણી સાથે સીધો સંબંધ ધરાવતા પૂર્વપ્રત્યયો નીચે આપ્યા છે.

**(ક) હ્રસ્વ 'ઇ' અને 'ઉ' નીચેના સંજોગોમાં વપરાય છે :**

જેમ કે, અતિ, અધિ, અભિ, પરિ, પ્રતિ, નિ, નિઃ, વિ, અનુ, ઉપ, સુ, કુ, પુનઃ, દુસ્, દુર્, બહિઃ, બિન, વગેરે.

**અતિ** - અતિશય, અતિક્રમણ, અતિજ્ઞાન, અતિવૃષ્ટિ, અતિરિક્ત.

**અધિ** - અધિકારી, અધિનિયમ, અધિસૂચના, અધિકૃત.

**અભિ** - અભિરુચિ, અભિજ્ઞાન, અભિનવ, અભિમાન, અભિમુખ.

**નિ** - નિવેદન, નિયોજન, નિવાસ, નિયમ, નિરોધ, નિયોગ.

**નિઃ** - નિરંકુશ, નિર્જન, નિરુત્તર, નિરવકાશ, નિરપવાદ, નિવૃત્તિ, નિર્વાસિત, નિર્દોષ, નિર્દેશ, નિર્દય, નિરાકાર, નિરાશ, નિઃશંક, નિર્ધન, નિર્મળ, નિર્લજ્જ, નિર્માણ.

**પરિ** - પરિણીત, પરિત્યાગ, પરિવાર, પરિમિતિ, પરિવહન, પરિચિત, પરિભ્રમણ, પરિબળ, પરિવર્તન, પરિસ્થિતિ, પરિણામ, પરિશિષ્ટ, પરિમાણ, પરિવેશ.

**પ્રતિ** -પ્રતિબિંબ, પ્રતિનિધિ, પ્રતિષ્ઠા, પ્રતિબંધ, પ્રતિકૂળ.

**વિ** - વિજ્ઞાન, વિનિયમ, વિનિમય, વિશેષ, વિશ્વાસ, વિશુદ્ધ, વિવશ, વિશ્રાંતિ, વિશ્રુત, વિભિન્ન, વિરોધ, વિરુદ્ધ, વિશિષ્ટ, વિભાજન.

**અનુ** -અનુકરણ, અનુરૂપ, અનુયાયી, અનુપાલન, અનુભવ, અનુલક્ષણ, અનુવાદ, અનુતાપ, અનુકંપા, અનુશીલન, અનુગ્રહ, અનુગામી, અનુપમ, અનુદાન, અનુમતિ, અનુમાન.

**ઉપ** - ઉપનામ, ઉપસચિવ, ઉપાધ્યક્ષ, ઉપવાસ, ઉપગ્રહ, ઉપાહાર, ઉપતંત્રી, ઉપાચાર્ય, ઉપદ્વીપ, ઉપકથા, ઉપગમન, ઉપકલા, ઉપહાર, ઉપાસના, ઉપાર્જન, ઉપાર્જિત, ઉપેક્ષા, ઉપાય, ઉપાદાન, ઉપહાસ.

**સુ** - સુવિચાર, સુપુત્ર, સુલેખન, સુગંધ, સુરક્ષિત, સુવાસ, સુરુચિ, સુલક્ષણા, સુદીર્ઘ, સુભાષિત, સુયોગ્ય, સુપરિચિત, સુરંગ, સુડતાળીસ, સુગ્રથિત, સુગ્રાહ્ય, સુકતાન, સુકાન.

**કુ** - કુસેવા, કુપાત્ર, કુકર્મ, કુસંગ, કુપુત્ર, કુમતિ, કુટેવ, કુછંદ.

**પુનઃ** -પુનઃસ્થાપન, પુનર્વસવાટ, પુનરાવર્તન, પુનરુકિત, પુનર્જન્મ, પુનર્મુદ્રણ, પુનર્વિચારણા, પુનર્વિનિયોગ.

**પુર** - પુરજોશ, પુરજોસ, પુરબહાર, અપવાદ-પૂરપાટ.

(૨) નારીજાતિમાં ભાવવાચક નામને અંતે 'ઇ' હ્રસ્વ આવે છે.

અનુમતિ, અનુભૂતિ, આકૃતિ, અનુપસ્થિતિ, આપત્તિ, આવૃત્તિ, આહુતિ,

ઉન્નતિ, પ્રતીતિ, સંમતિ, સર્વાનુમતિ.

અપવાદ- નીચેના શબ્દોમાં 'તી' દીર્ઘ છે.

એકમતી, કુદરતી, સમજૂતી, સાબિતી, લઘુમતી, શ્રીમતી, બહુમતી, જયન્તી.

(ક) 'વતી' કે 'મતી' હોય ત્યાં પણ 'તી' દીર્ઘ હોય છે.

પુત્રવતી, ભાનુમતી, ભગવતી, ઇન્દુમતી, સરસ્વતી, ચારુમતી, કલાવતી.

(ખ) કેટલીકવાર દીર્ઘ 'તી' અને હ્રસ્વ 'તિ' બંને જોડણી આવે છે જે સાચી છે.

વસતિ, વસતી, વસ્તી, વિનતિ અને વિનંતિ કે વિનંતી. તેમજ માલતિ કે માલતી.

(૩) નીચેના શબ્દોમાં નારીજાતિનો 'ની' -ત્યય લાગતાં પહેલાં શબ્દનો છેલ્લો 'ઇ' હ્રસ્વ થઇ જાય છે :

| | | |
|---|---|---|
| દા. ત. મનસ્વી | - | મનસ્વિની |
| વિદ્યાર્થી | - | વિદ્યાર્થિની |
| તપસ્વી | - | તપસ્વિની |

નામ પરથી વિશેષણ બનાવતા 'ઇક' તેમજ 'ઇકા' -ત્યય હંમેશા હ્રસ્વ 'ઇ' વાળા છે.

ઇક - માનસિક, -ાથમિક, ધનિક, સામાજિક, ભૌગોલિક, વાસ્તવિક.

ઇકા - અનુક્રમણિકા, માર્ગદર્શિકા, શિક્ષિકા, પુસ્તિકા, સ્મરણિકા.

(૪) 'તા' કે 'ત્વ' -ત્યયથી બનતાં નામોના અંતે આવતો દીર્ઘ 'ઇ' હ્રસ્વ થાય છે.

ઉપયોગી - ઉપયોગિતા

સ્વામી - સ્વામિત્વ

તેજસ્વી - તેજસ્વિતા

(૫) શ્રેષ્ઠતાદર્શક રૂપ તરીકે 'ઇષ્ઠ' આવે ત્યારે 'ઇ' હ્રસ્વ હોય છે :

ગર્વિષ્ઠ, કનિષ્ઠ, ધર્મિષ્ઠ.

(૬) શબ્દના અંતે 'નિ', 'ટિ' કે 'ઉ' હ્રસ્વ હોય છે.
હાનિ, પુષ્ટિ, મધુ, ધેનુ, રઘુ, વિષ્ણુ.
અપવાદ : વધૂ

(૭) 'ય' ની પહેલાં આવતો 'ઇ' હ્રસ્વ હોય છે.
કડિયો, કાઠિયાવાડ, રેંટિયો, ફરજિયાત, મરજિયાત, જરૂરિયાત.

(૮) 'ઇલ', 'ઇત' પ્રત્યય આવતા હોય ત્યાં 'ઇ' હ્રસ્વ હોય છે.
અનિલ, ઉર્મિલ, સલિલ, કથિત, ગણિત, નિર્વાસિત, સંચિત, ખંડિત, અબાધિત.
**અપવાદ** - નીલ અને શીલ આવે તો દીર્ઘ 'ઈ' આવે.
સુશીલ, નીલકમલ.

(૯) શબ્દમાં જોડાક્ષર પહેલાંના 'ઇ' અને 'ઉ' હ્રસ્વ હોય છે.
શિષ્ય, કિસ્મત, ઇચ્છા, વિદ્યા, બુદ્ધિ, શુદ્ધ, સમુદ્ર.

(૧૦) ચાર કે વધુ અક્ષરવાળા શબ્દમાં પ્રથમ 'ઇ' અને 'ઉ' હ્રસ્વ હોય છે.
હિલચાલ, ખિસકોલી, સિફારસ, ઉકરડો, ઉમેદવાર.

(૧૧) અનુસ્વારવાળા 'હું', 'તું', 'શું' જેવા બધા જ શબ્દોમાં હ્રસ્વ 'ઉ' આવે છે.

(૧૨) **વચ્ચેના અક્ષરમાં સ્વર દીર્ઘ હોય તો પ્રથમાક્ષરમાં ઇ-ઉ હ્રસ્વ હોય.**
ઇજાફો, ઇલાજ, ઉકાળો, ઉખાણું, કિનારો, કુહાડી, ખિતાબ, ખુવારી, ગિટાર, ગુજારો, ઘિલોડી, ચિકાર, ચુકાદો, જિરાફ, જુગાર, ઝિમેલ, ઝુકાવ, ટિટોડી, ટુવાલ, ડિપોટી, તિજોરી, તુમાર, દિલાસો, દુકાળ, ધિરાણ, ધુતારો, નિકાલ, પિછાણ, પુરાવો, ફિસાદ, ફુગાવો, બિચારું, બુઝારું, ભિખારી, ભુલાવો, મિજાજ, મુકામ, રિવાજ, રુઆબ, લિલામ, લુહાર, વિનાશ, શિકાર, શુમાર, સિપાઇ, સુકાન, હિજરી, હુન્નર, હુલ્લડ.

(૧૩) **જોડાક્ષર પૂર્વેનાં ઇ-ઉ હ્રસ્વ હોય છે. (સંસ્કૃતમાં પણ).**
ઇચ્છા, ઇજ્જત, ઇસ્તરી, ઇસ્પિતાલ, કિલ્લો, કિસ્સો, ગિલ્લી, ચિઠ્ઠી, ચિત્ત, ચિત્તો, ચિત્ર, છિદ્ર, છિન્ન, જિલ્લો, જિહ્વા, ટિપ્પણ, દિક્કત, દિલ્હી, દિવ્ય, ધિક્કાર, નિત્ય, નિદ્રા, નિમ્ન, નિશ્ચય, પિત્ત, પિષ્ટ, પિસ્તાળીસ, પિસ્તોલ, ફિક્કું, બિલ્લી, બિસ્તરો, ભિન્ન, ભિક્ષુ, મિટ્ટી, મિત્ર, મિથ્યા, રિદ્ધિ, રિશ્તેદાર, લિજ્જત, વિદ્યા, વિપ્લવ, વિશ્વાસ, શિક્ષક, શિક્ષા, શિષ્ય, શિસ્ત, સિત્તેર, સિત્યાસી, હિસ્સો.

ઇજ્જત, ઉજ્જડ, ઇસ્તરી, ઉત્સાહ, કુલ્લે, કુસ્તી, કુત્તો, ખુલ્લું, ચુસ્ત, ઘુમ્મટ, જુસ્સો, તુક્કો, દુલ્હો, દુશ્મન, ધુમ્મસ, પિસ્તોલ, પુષ્કળ, ફુત્કાર, ફુલ્લી, બુટ્ટી, ભુસ્કો, મિસ્ત્રી, મુશ્કેલ, લુચ્ચું, સિત્તેર, હુક્કો, હુન્નર, હુલ્લડ.

**(૧૪) અનુસ્વારનું વ્યંજન જેવું ઉચ્ચારણ હોય ત્યાં જોડાક્ષરની પરિસ્થિતિ ગણાય અને જોડણીનો ઉપરનો નિયમ જળવાય.**

ઇંચ, ઇંતજામ, ચુંગી, તુંબડી, બુંદેલ, મુંબઇ, સિંગલ, હિંગ, હિંમત, હિંડોળો, કિંમત, ચુંમોતેર, ચુંબક, જિંદગી, ઝુંબેશ, ટિંબો, ઢિંગલી, બુંદ, રિંગ, લિંબોળી, લુંગી, ઉંદર, ઉંમર, ગુંજાર, ગુંબજ, ઘુંમટ, ઠિંગુજી, ડુંગર.

**(૧૫) ચાર અક્ષરવાળા શબ્દો કે તેથી ઉપરના અક્ષરો હોય તેવા શબ્દોમાં છેલ્લેથી પૂર્વેના ચોથા કે તેથી ઉપરના અક્ષરોમાં 'ઇ' કે 'ઉ' હ્રસ્વ હોય છે.**

ઇકોતેર, ઇજનેર, ઇનકાર, ઇનસાફ, ઇમારત, ઇલકાબ, ઇલાયચી, ઇશારત, ઉકરડો, ઉકળાટ, ઉઘરાણી, ઉચાપત, ઉછળાટ, ઉછાંછળું, ઉજવણી, ઉજળિયાત, ઉદાહરણ, ઉધરસ, ઉધમાત.

કિનખાબ, ખિજવણી, ખિસકોલી, ખુશામત, ગિરનાર, ગુજરાત, ગુનેગાર, ઘુઘવાટો, ચિકાખાઈ, ચિતરામણ, ચુસણિયું, છુટકારો, જિરાયત, જુનવાણી, ટિચકારી, કિકિયારી, ડિઝાઇન, તિરસ્કાર, તુનિયાટ, થિયેટર, દિકામાળી, ધુમાડિયું, નિતરામણ, નિવેદન, નુકસાન, પિચકારી, પુરવણી, ફિટકાર, ફુરસદ, બિયારણ, બુડથલ, ભિખારણ, ભુલકણું, ભુલભુલામણી, મિચામણાં, મિલાવટ, મુલાકાત, રિબામણી, લુછણિયું, શિકાયત, શિખામણ, સુધરાઇ, સુડતાળીસ, હિજરત, હિમાયત, હુલામણું.

**આ નિયમમાં અપવાદ : કૃદંત રૂપોમાં તેમજ સામાસિક શબ્દ બનતાં ચાર અક્ષરોની રચના થતી હોય ત્યાં મૂળ શબ્દોની જોડણી કાયમ રહે છે.**

કીડિયાસેર, કીડીમકોડા, મીઠાબોલું, ભૂલચૂક, ભૂલથાપ, ફૂલછાપ, ફૂટપટ્ટી, શૂરવીર, બીજવર, દીવાબત્તી, દીવાસળી, દીવાદાંડી, ફૂલમાળા, ફૂલઝાડ, મીણબત્તી, સીમાસ્તંભ, સૂઝબૂઝ, વગેરે સમાસોમાં.

રીઝનાર, ઊતરનાર, ઊકળેલું, ઊકળતું, ઊપજતું, ઊઘડેલું, ઊઘડવા, ઊતરવામાં, ઊઠનારાઓ, વગેરે કૃદંતરૂપોમાં.

## (૧૬) 'ય' પૂર્વેના અક્ષરમાં 'ઇ' સર્વત્ર હ્રસ્વ હોય છે.

કિયું, ક્રિયા, પિયુ, પ્રિય-પ્રિયા, ઇયળ, ઇંદ્રિય, એશિયા, કજિયો, કડિયો, ખોડિયું, ગાંઠિયો, ગોઠિયો, ઘડિયો, ઘોડિયું, ચીપિયો, છાજિયાં, છોડિયાં, જાળિયું, જોડિયું, જૂતિયાં, ટાંટિયો, ટૂંટિયું, ઠળિયો, ડાંડિયો, તકિયો, તૂરિયું, થડિયું, દરિયો, દાંતિયો, દિયર, દિયેર, દુનિયા, ધોતિયું, નળિયું, નારિયેળ, નાળિયેર, વરિયાળી, વળિયારી, નોળિયો, પડિયો, પિયર, પિયેર, પુસ્તકિયું, ફેરિયો, બહારવટિયો, બાજરિયું, બુનિયાદ, ભાંખોડિયા, ભાંગફોડિયું, ભાંજગડિયો, મલેરિયા, માખણિયો, રળિયામણું, શુકનિયાળ, સમોવડિયું, અઠવાડિયું, કોઢિયલ, દમિયલ, કઢિયેલ, અડિયલ, વગેરે.

અંતરિયાળ, આંગળિયાત, લેણિયાત, ફરજિયાત, કબજિયાત, કરચલિયાળું, ઘુઘરિયાળું.

## (ખ) દીર્ઘ 'ઈ' અને 'ઊ' નીચેના સંજોગોમાં થાય છે.

(૧) અનીય, ઈન, ઈય, કીય - પ્રત્યયોમાં 'ઈ' દીર્ઘ છે.
દા. ત. અવર્ણનીય, અર્વાચીન, આત્મીય, પરકીય, પ્રજાકીય, પ્રાચીન.
અપવાદ - મલિન, પુલિન.

(૨) અધીન - માં દીર્ઘ 'ઈ' આવે છે.
આજ્ઞાધીન, પરાધીન, સ્નેહાધીન, નિદ્રાધીન.

(૩) કરણ, ભવન કે કૃત તથા ભૂત લાગે ત્યારે દીર્ઘ ઈ કે ઊ આવે છે.
એકીકરણ, વર્ગીકરણ, અંગીકૃત, ગુણીભૂત, બાષ્પીભવન, દૃઢીભૂત.

(૪) ઈન્દ્ર કે ઈશ દીર્ઘ 'ઈ' જ છે.
યોગીન્દ્ર, રવીન્દ્ર, હરીન્દ્ર.
જગદીશ, ન્યાયાધીશ, સત્તાધીશ, દ્વારકાધીશ.

(૫) શબ્દમાં આવતા 'ઈક્ષ' 'ઈક્ષા' દીર્ઘ 'ઈ' હોય છે.
પરીક્ષક, પરીક્ષણ, પરીક્ષા, સમીક્ષક, સમીક્ષા.
અપવાદ - શિક્ષણ, શિક્ષક.

(૬) 'અતીત' (અતિ + ઇત)
બે 'ઇ' જોડાઇને દીર્ઘ 'ઈ' બને છે.
કાલાતીત, કલ્પનાતીત.

(૮) 'ણૂક' અને 'ગીરી' શબ્દને અંતે દીર્ઘ 'ઊ' અને 'ઈ' આવે છે.
કામગીરી, યાદગીરી, દાદાગીરી, વર્તણૂક, નિમણૂક.
અપવાદ :- નીલગિરી, હિમગિરી, (ગિરિ - 'પર્વત' ના અર્થમાં હોય ત્યારે હ્રસ્વ આવે)

(૯) અનુસ્વાર વિકલ્પે છૂટા પાડી શકાય તેમ ન હોય ત્યારે દીર્ઘ 'ઈ', 'ઊ' આવે છે.
વીંટી, હીંચકો, પૂંછડું, ડૂંટી, ભીંડા, ગૂંથણ, લૂંટારો.

(૧૦)અનુસ્વારવાળા બધાજ શબ્દોમાં 'ઈ' દીર્ઘ આવે.
અહીં, તહીં, નહીં.

(૧૧)એક અક્ષરવાળા શબ્દોમાં 'ઈ' અને 'ઊ' દીર્ઘ આવે છે.
કી, ઘી, જી, બી, પી, જૂ, ભૂ, છૂ, દૂ, બૂ, રૂ, લૂ, ઝૂ, સ્ક્રૂ.

(૧૨)બે અક્ષરવાળા શબ્દમાં પહેલો 'ઈ' અને 'ઊ' દીર્ઘ આવે છે.
ભીખ, બીક, ચીજ, ગીચ, પીળું, ભૂલ, ચૂક, બૂમ, કૂખ.

(૧૩)કેટલાક શબ્દો બોલતાં ભાર આવે ત્યારે દીર્ઘ 'ઈ', 'ઊ' આવે છે.
અરડૂસો, દાગીનો, નમૂનો, અંગૂઠો.

**(૧૭) (૧) શબ્દાંતે સાદો [ઈ] કે સાનુસ્વાર [ઈં] દીર્ઘ હોય છે.**

[ઈ] કડી, કીડી, કાકી, કડછી, કડવી, ખામી, ખુરશી, ખીચડી, ખૂજલી, ખિસકોલી, આપવીતી, ગળથૂથી, નિસરણી, જાળવણી, પુરવણી, ભુલભુલામણી, ધિંગામસ્તી, ઉછામણી, ઈલાયચી, ભુલામણી, ગોઠવણી, વિદેશી, મારવાડી, દુ:ખી, સુખી, સાડી, ધોતી, વગેરે.

[ઈં] અહીં, તહીં, દહીં, નહીં, મહીં, જયહીં, ક્યહીં.

**(૨) શબ્દાંતે સાદો (ઉ) કે સાનુસ્વાર (ઉં) ઉ હ્રસ્વ હોય છે :**

[ઉ] અણુ, આલુ, આબુ, આળસુ, ઉઠાઉ, ઉતારુ, ઉનાળુ, ઉપજાઉ, કમાઉ, કાજુ, ખેડુ, ગભરુ, ગોખરુ, ચંબુ, ચાકુ, જંતુ, જાંબુ, ટકાઉ, ટટ્ટુ, ડાકુ, ડાઘુ, તરુ, તંબુ, ધાતુ, પરંતુ, પાટુ, ફાલતુ, બજારુ, બહુ, બંધુ, બાજુ, બાહુ, ભાનુ, ભેદુ, ભેરુ, રખડુ, રઝળુ, લાડુ, સાસુ, સાબુ, વહુ, સહુ, સાદુ, સ્વાદુ, હાઉ, હેતુ, હજુ, વ્યાજખાઉ, ખિસ્સાકાતરુ, કૃપાળુ, દયાળુ, વગડાઉ, વહેવારુ, શિયાળુ, ચોમાસુ, વગેરે.

[ઉં] ઊણું, ઊનું, ખિસ્સું, છૂટું, છૂપું, જીરું, તીણું, થૂલું, ધીમું, નીચું, પીછું, પીઠું, ફીકું, બીજું, ભૂરું, મીઠું, રૂડું, લીલું, લૂલું, વીલું, શીકું, સૂનું, હીણું, ઊજળું, ઊલટું, ચીભડું, થીગડું, બિછાનું, વગેરે.

'ઉ' ગુજરાતીમાં લિંગવાચક છે. એ વિકારી અંગોમાં નપુંસકલિંગનો નિર્દેશ કરે છે. પરિણામે જ્યાં લિંગ કે જાતિ અંગે સ્પષ્ટ નિર્દેશ કરવો જરૂરી ન હોય ત્યાં સર્વત્ર સંજ્ઞા, સર્વનામ, વિશેષણ, કૃદંત, ક્રિયાવિશેષણ આદિનાં રૂપો ઉંકારાંત જ નોંધાય છે. જેમ કે, છોકરું, પેલું, કડવું, ગાવું, મોડું, વગેરે.

**(૩) બે અક્ષરવાળા શબ્દોમાં : અંત્ય સિવાયના સ્થાને ઈ-ઊ.**

**પ્રથમાક્ષરમાં નિરનુસ્વાર ઈ, ઊ કે સાનુનાસિક સ્વર તરીકે આવતાં ઈં - ઊં પણ મોટે ભાગે દીર્ઘ હોય છે.**

ઈજા, કીડી, ખીણ, ગીધ, ઘીચ, ચીકુ, છીપ, જીવ, ઝીણું, ટીપું, ઠીક, ટીટું, ઢીલું, તીર, ધીરું, નીચે, પીછું, ફીણ, બીક, ભીખ, મીણ, રીત, લીટી, વીજ, શીશી, સીસું, હીણું.

ઊન, કૂજો, ખૂણો, ગૂઢ, ઘૂસ, ચૂપ, છૂરી, જૂઠ, ઝૂલો, ટૂથ, ઠૂસ, ડૂમો, ઢૂવો, તૂટ, થૂલું, દૂધ, ધૂની, નૂર, પૂજા, ફૂલ, બૂમ, ભૂલ, મૂઠી, રૂડું, લૂમ, શૂળી, સૂઝ, હૂપ.

ઈંટ, ઈંડું, ઊંઘ, ઊંટ, કૂંચી, કૂંડું, વીંટી, ખૂંટ, ગૂંચ, ઘૂંટણ, ચીંથરું, ચૂંટણી, છીંક, છૂંદો, જીંથરાં, ઝૂંપડી, ટૂંક, ઠીંગણું, ઠૂંઠું, ઢીંક, ઢૂંઢ, તૂંબડું, થૂંક, દૂંટી, ધૂંધળું, નીંદામણ, પીંછું, પૂંઠ, મીંચામણાં, સીંચણિયું, વગેરે.

**(૪) 'રેફ' પૂર્વેના અક્ષરમાં ઈ કે ઊ દીર્ઘ હોય છે. શબ્દો સંસ્કૃતના જ છે.**

અજીર્ણ, અનુપૂર્તિ, આશીર્વાદ, ઈર્ષ્યા, ઉત્કીર્ણ, ઉત્તીર્ણ, ઊર્ણ, ઊર્ધ્વ, ઊર્મિ, ઊર્વ, ઊર્જસ્વી, ઊર્જા, કીર્તિ, કીર્તન, કૂર્ચ, કૂર્મ, ચૂર્ણ, જીર્ણ, તીર્થ, દીર્ઘ, ધૂર્ત, પૂર્ણ, પૂર્તિ, પૂર્વ, પ્રકીર્ણ, મુહૂર્ત, મૂર્ખ, મૂર્ચ્છા, મૂર્ત, મૂર્તિ, મૂર્ધા, વીર્ય, શીર્ષ, શીર્ષક, શીર્ષાસન, શૂર્પણખા, સૂર્ય, સંકીર્ણ.

**(૫) સાનુનાસિક સ્વરો તરીકે આવતાં ઈં કે ઊં : અંત્ય સ્થાન સિવાય બધે જ દીર્ઘ હોય છે.**

**માત્ર ઈં અંતે દીર્ઘ : જુઓ નિયમ ૧૪.૧ દહીં, નહીં, મહીં, વગેરેમાં.**

ઈં અન્યત્ર દીર્ઘ : ઈંઢોણી, ચીંથરું, ચીંદરડી, છીંકણી, જીંથરાં, ઠીંગણું, ડીંડવાણું, ઢીંચણ, થીંગડું, નીંભાડો, પીંજારો, પીંજામણ, ભીંગડું, મીંચામણાં, મીંઢળ, લીંપણ, વીંધવું, સીંચણિયું.

**અંત્ય સિવાયના સ્થાને 'ઊં' દીર્ઘ :**

અમૂંઝણ, અંધાધૂંધી, ઊંકારો, ઊંચાઈ, ઊંબાડિયું, કૂંપળ, કૂંવાડિયો, ખૂંખારો, ગૂંગળાટ, ચૂંવાળીસ, ચૂંવોતેર, ટૂંકાણ, ધૂઆપૂંઆ, મૂંઝવણ, હૂંડિયામણ, મીંચામણાં, સીંચણિયું.

**(ઙ) ત્રણ અક્ષરવાળા શબ્દોની જોડણી મધ્યાક્ષર આધારિત.**

**૧. વચ્ચેના અક્ષરમાં સ્વર હ્રસ્વ હોય તો આદ્યાક્ષરમાં સ્વર દીર્ઘ હોય. ઈ, ઊ દીર્ઘ હોય.**

ઈજત, ઈડલી, ઊકળે, ઊઘડે, ઊજળું, ઊપજ, ઊભરો, કીચડ, કીમત, કૂકડો, કૂતરો, ખીચડી, ખીજડી, ખૂજલી, ખૂમચો, ઘૂમટ, ચીકણું, છીછરું, જીવણ, જૂજવું, ઝીલણ, ઝૂલણું, ટીખળ, ટૂમણ, ઠીકરું, ઠૂમકો, ડીચકો, ડૂબકી, ઢીમચું, ઢૂકડું, તીરથ, તૂતક, થીંગડું, થૂવર, દીકરો, દૂબળું, ધીરજ, ધૂમસ, નીપજ, નૂતન, પીપડું, પૂંછડું, ફીકર, ફૂમતું, બીકણ, બૂકડી, ભૂસકો, મીઢળ, મૂરખ, રીડર, રૂપિયો, લીમડી, લૂછણું, વીજણો, શીખવ, સીવણ, સૂતર, સૂતળી, હીબકું, હૂકલી.

## (ગ) અનુસ્વાર

ગુજરાતીમાં અનુસ્વાર (·) ઘણું મહત્ત્વ ધરાવે છે. ગુજરાતી લખાણમાં અનુસ્વારને લગતી ભૂલો પણ વિશેષ થાય છે. નીચેની બાબતોમાં ધ્યાન રાખવાથી અનુસ્વારના ઉપયોગ અંગે થતી સામાન્ય ભૂલો નિવારી શકાશે.

(૧) 'હું' અને 'તું' વગેરે સર્વનામમાં અનુસ્વાર આવે છે.

(૨) વાંચું, લખું, કરું એવા ક્રિયાપદમાં અનુસ્વાર આવે છે.

(૩) નરજાતિમાં ક્યારેય અનુસ્વાર આવે નહીં.

(૪) નારીજાતિમાં એકવચનમાં પણ અનુસ્વાર આવે નહીં.

આમછતાં નારીજાતિના માનાર્થે કે અવહેલનાર્થે વપરાતા શબ્દોમાં અનુસ્વાર આવે છે.

દા. ત. મોટાં બા, મોટાં બહેન.

એ જ પ્રમાણે માનાર્થે બહુવચન સાથેનું ક્રિયાપદ અનુસ્વારવાળું થાય છે.

દા. ત. મહારાણી પધાર્યાં.

(૫) નાન્યતર જાતિમાં એકવચનમાં છેલ્લે 'ઉ' આવે ત્યારે, બહુવચનમાં તેમજ તેનાં વિશેષણોમાં અનુસ્વાર મુકાય છે.

દા. ત. (૧) છોકરું, બકરું, ઘેટું, મોજું.

(૨) છોકરાં, વાંદરાં, ઘેટાં, મોજાં.

(૩) કાળું બકરું.

(૬) વાક્યમાં જ્યારે કર્તા વિવિધ જાતિના હોય એવા ક્રિયાપદમાં અનુસ્વાર આવે છે. પેન્સિલ અને રબર હાથમાં રાખ્યાં.

પરંતુ 'અને' ને બદલે 'અથવા' આવે તો છેલ્લો શબ્દ ક્યા લિંગનો છે તેના પરથી અનુસ્વાર નક્કી થાય.

દા. ત. મેં ઠરાવ અથવા યાદી વાંચી.

મેં યાદી અથવા ઠરાવ વાંચ્યો.

મેં યાદી અથવા જાહેરનામું વાંચ્યું.

(૭) 'સતિ સપ્તમી' જેવા અવ્યય પ્રયોગો તરીકે આવતા કૃદંતનું રૂપ અનુસ્વારવાળું હોય છે.

ખાતાં ખાતાં બોલાય નહીં.

ચાલતાં ચાલતાં નદી આવી.

(૮) ક્યારેક ખોટી રીતે અનુસ્વાર મુકાય છે. તેવા થોડાક શબ્દો નીચે આપ્યા છે.

દા. ત.હોશિયાર - હોંશિયાર (×), ભાગવું - ભાંગવું (×), ટીપું - ટીપુ (×), ચોમાસુ - ચોમાસું (×), નાસવું - નાંસવું (×), ફોડવું - ફોંડવું (×), નિદ્રા - નિંદ્રા (×), પરંતુ - પરંતું (×).

આમાં - ભાંગવું પર અનુસ્વાર કરીએ તો અર્થ બદલાઈ જાય, ચોમાસું કરીએ તો ચતુર્માસ એમ થાય અને ચોમાસુ એટલે ચોમાસાનું એમ થાય.

આ અંગે ગુજરાતના કવિશ્રેષ્ઠ સ્વ. સુંદરમ્નું અનુસ્વાર અષ્ટક વાંચીને યાદ રાખવા જેવું છે. આ પદ્યમાં અનુસ્વાર અંગેના નિયમો સરસ રીતે સમજાવ્યા છે.

૧૮. અલ્પપ્રાણ અને મહાપ્રાણ વ્યંજનો સંયુક્ત હોય એવા શબ્દોમાં અલ્પપ્રાણ + મહાપ્રાણ અને મહાપ્રાણ + મહાપ્રાણ એવી જોડણી (સંસ્કૃતની જેમ) વિકલ્પે કરવી. ઉદા. ચોક્ખું - ચોખ્ખું, અચ્છેર - અછ્છેર, પચ્છમ - પછ્છમ, અચ્છું - અછ્છું, ચિટ્ઠી - ચિઠ્ઠી, પત્થર - પથ્થર, ઓદ્ધો - ઓધ્ધો, સદ્ધર - સધ્ધર, સુદ્ધાં - સુધ્ધાં, અદ્ધર - અધ્ધર, ઝબ્ભો - ઝભ્ભો, સબ્ભર - સભ્ભર.

૧૯. ' વિશે ' એવી જોડણી કરવી. વિકલ્પ કરવો હોય તો નિયમ ૧૬ પ્રમાણે ' વિસે ' કરાય, અસ્વાભાવિક કદીય ઉચ્ચારાતો નહીં એવો ' વિષે ' નહીં.

૨૦. તદ્ભવ શબ્દોમાં અંત્ય દીર્ઘ ઈ અને હ્રસ્વ ઉ અનુનાસિક (માત્ર નાસિક્ય) કે અનુનાસિક એ અનુક્રમે દીર્ઘ અને હ્રસ્વ લખવા. ઉદા. ઘી, છી ; છું, શું, તું, હું ; ધણી, વીંછી, અહીં, જહીં, તહીં, નહીં, (તત્સમ ' નહિ ' પણ) ; પિયુ, લાડુ, જુદું, સારું, ખારું, સૂકું ; કરવું, મરવું, રમવું, મરડવું, કરડવું.

વિકલ્પ : એકાક્ષરી અનનુનાસિક ઉ - ઊ વિકલ્પે હ્રસ્વ અને દીર્ઘ લખવા. ઉદા. જુ - જૂ, લુ - લૂ, છુ - છૂ, દુ - દૂ, ભુ - ભૂ.

૨૧. બે કે ત્રણ અક્ષરના શબ્દોમાં અનંત્ય ઈ અને ઉ અનુનાસિક (માત્ર નાસિક્ય) હોય ત્યારે ઇ કે ઉ દીર્ઘ લખવા. ઉદા. ઈંડું, પીંછું, મીંડું, લીંડું, ઊંડું, ચૂંચું, ટૂંકું, હીંડવું, સીંચવું, મીંચવું, મીંદડું, ખૂંદવું, લૂંટવું, મૂંડવું, પૂંછડું, ગૂંદવું.

**અપવાદ :** કુંવર (-રી), કુંવાર, કુંવારું, કુંભાર, સુંવાળું.

૨૨. જ્યાં કોઈ વિશિષ્ટ કારણે જુદી જોડણી ન થતી હોય (જેમ કે ઉપર, ચુગલ, ફુરતું, મુગટ, મુગટો, ટુકડો, મુડદું, ટુચકો, મુજબ, મુદત, કુમળું, કુસકી, ગુટકો, કુલડી) તેવા બે થી વધારે અક્ષરોના શબ્દોમાં ઈ કે ઉ પછી હ્રસ્વ અક્ષર આવે, તો એ બેઉ દીર્ઘ લખવા અને દીર્ઘ અક્ષર આવે તો એ બેઉ હ્રસ્વ લખવા. ઉદા. ખુશાલ, નીકળ, મૂલવ, વિમાસ, મજૂર, ખજૂર, દુકાળ, સુતાર, તડૂક, કિનારો.

**અપવાદ-૧ :** વિશેષણ પરથી થતાં નામો તેમજ નામ પરથી બનતાં ભાવવાચક નામોમાં મૂળ શબ્દની જોડણી કાયમ રાખવી. ઉદા. ગરીબ - ગરીબાઈ, વકીલ - વકીલાત, ચીકણું - ચીકાશ - ચીકણાઈ, મીઠું - મીઠાઈ - મીઠાશ, જૂઠ - જૂઠું - જૂઠાણું, પીળું - પીળાશ.

(**નોંધ :** સંસ્કૃત તત્સમ શબ્દોને આ નિયમ લાગુ નથી પડતો, વ્યંજનવાળો ' ઇ ' હ્રસ્વ રહી શકે. વેધી - વેધિત્વ, અભિમાની - અભિમાનિત્વ, પણ સમાસ થતો હોય તો વિકલ્પ

સ્વીકારવો : વિદ્યાર્થી/વિદ્યાર્થિ મંડળ કે વિદ્યાર્થી-મંડળ, શાસ્ત્રી/ શાસ્ત્રિસદન કે શાસ્ત્રી-સદન, દીર્ઘ રાખવા. વચ્ચે નાની ' - ' રેખા રાખવી. )

૨૩. પોતામાં અનુનાસિક (નાસિક્ય) કે અનનુનાસિક ઈ કે ઊ ધરાવતા પ્રાથમિક શબ્દો પરથી ઘડાતા શબ્દોમાં તથા ધાતુના કર્મણિ કે ભાવે પ્રયોગ અને પ્રેરકનાં રૂપોમાં પ્રાથમિક શબ્દ કે ધાતુની મૂળ જોડણી કાયમ ન રાખતાં નિયમ ૨૦ , ૨૧, ૨૨, ૨૩ પ્રમાણે જોડણી કરવી. ઉદા. ભૂલ - ભુલામણી - ભુલવવું, કૂદ - કૂદાકૂદ, શીખ - શિખાઉ - શિખામણ - શિખાડવું- શિખવાડવું, (પણ શીખવવું), ઊઠ - ઉઠાઉ - ઉઠાડ - ઉઠાવ - ઉઠમણું, મૂક - મુકાણ - મુકાવું- મુકાવવું, સીંચ - સિંચાઈ - સિંચાવું - સિંચાવવું, હિંગલાણ - હિંગલાવું - હિંગલાવવું.

(**નોંધ :** ધાતુના અક્ષરો ગણતાં એનું સામાન્ય કૃદન્તનું નહિ, પણ મૂળ રૂપ લેવું ; જેમ કે ઊથલ (વું), મૂલવ (વું), ઉથલાવ (વું), તડૂક (વું), તડુકાવ (વું), તડુકા (વું).

(અપવાદ ૧ અને ૨ બિનજરૂરી છે.)

૨૪. (આ નિયમ બરાબર છે. અપવાદ દૂર કરી માત્ર વિકલ્પ રાખવો.)

**વિકલ્પ** - પિયો - પીયો, પિયળ - પીયળ, શિયળ - શીયળ.

૨૫. (નિયમ બરાબર છે.)

**વિકલ્પ** - સંસ્કૃત તત્સમ શબ્દોમાં સમાસમાં વિકલ્પ રાખવો. જુઓ ૨૨મા નિયમની નોંધ.

૨૬. **ક.** ગયેલું, થયેલું, સચવાયેલું, જોયેલું વગેરે, આવાં રૂપો જણાવ્યા પ્રમાણે લખવાં.

(કરીએ, છીએ, ખાઈએ, ધોઈએ, પ્રકારનાં દીર્ઘ ' ઈએ ' વાળાં રૂપો નિયમ ૨૫ પ્રમાણે નિરર્થક થઈ જાય છે, તેથી જતાં કરવાં.)

**ખ.** જુઓ - જુવો, ધુઓ - ધુવો, ખુઓ - ખુવો, રુઓ - રુવો, એ જ પ્રમાણે જુએ - જુવે વગેરે લખવાં. એ રીતે મુઓ - મુવો.

(**નોંધ :** અકારાંત - આકારાંત : ઓકારાંત ધાતુઓનાં ' એલું ' પ્રત્યયવાળાં રૂપો વચ્ચે ' ય ' ઉમેરી લખવાં. ઉદા. ગયેલું, ખાયેલું, સમાયેલું, જોયેલું, રોયેલું.)

ગ. સૂવું, પીવું જેવાં ક્રિયાપદોમાં સુએ - સુઓ, પિઓ - પિયો, એ રીતે પિએ - પિયે.

૨૭. સજા, જિંદગી, વણજારો, એમાં ' જ ' ; ગોઝારું, મોઝાર, એમાં ' ઝ '; સમજ - (-ઝ) સાંજ (-ઝ), મજા (-ઝા) માં વિકલ્પ.

## જોડણીની અગત્ય

**સૂચના :**

આ આંગ્લ ભાષા શબ્દની, જો જોડણી ખોટી થતી,
શરમાઈએ તો આપણે, ઉપયોગ કરતાં ત્યાં નકી.
પણ માતૃભાષા શબ્દની, જે જોડણી વપરાય છે,
આ હરપળે ઉપયોગમાં, જ્યાં તે તણો વધ થાય છે.
કલંક છે તે આપણું, તેથી જ શરમાવું ઘટે,
આ મર્મવેધક વાતથી, સૂચના જુઓ **બાપુ** કરે :
**'સ્વેચ્છા વડે અહીં કોઈને, ના જોડણી રચવા હવે,**
**અધિકાર એ સહેજે નથી, જે લક્ષમાં સહુને રહે'.**

—ગાંધીજી

# ૪. અનુસ્વાર અષ્ટક

## (હરિગીત છંદ)

હું બિંદુ સુંદર માત શારદને લલાટે ચંદ્ર શું,
મુજને સદા યોજો સમજથી, ચિત્ત બનશે ઇંદ્ર શું,
મુજ સ્થાન કયાં મુજ શી ગતિ જાણી લિયો રસ પ્રેમથી,
તો સજ્જ બનશો જ્ઞાનથી, સૌંદર્યથી ને ક્ષેમથી. ૧

તો પ્રથમ જાણો 'હું' અને 'તું' માં સદા મુજ વાસ છે,
આ જ્ઞાન વિણ 'હુ-હુ' અને 'તુ-તુ' સમો ઉપહાસ છે,
હું 'કરુ' - 'વાચુ' - 'લખુ' જોજો એમ લખશો લેશ તો,
મા - ભારતીના રમ્ય વદને લાગતી શી મેશ જો. ૨

નરમાં કદી નહિ, નારીમાં ના એકવચને હું રહું,
હું કિંતુ નારી-બહુવચનમાં માનવંતુ પદ ગ્રહું,
'બા ગયાં.' 'આવ્યાં બહેન મોટાં' એમ જો ન તમે લખો,
'બા ગયા.' 'આવ્યા બહેન મોટા' શો પછી બનશે ડખો. ૩

ને નાન્યતરમાં તો ઘણી સેવક તણી છે હાજરી,
લો, મુજ વિનાના શબ્દની યાદી કરી જોજો જરી,
સૌ મુજ વિશેષણ એક ને બહુવચનમાં રાખો મને,
યાચું કૃપા આ ખાસ, મારો ભરખ ત્યાં ઝાઝો બને. ૪

શું ફૂલ પેલું શોભતું ? જો આવું પ્રેમે ઉચ્ચરો,
'શાં' ફૂલ પેલાં શોભતાં બહુવચનમાં વાણી કરો,
'મોજું' નિહાળો એક નીરે, ત્યાં પછી 'મોજાં' બને,
'બમણાં' અને 'તમણાં' પછી 'અણગણ્યાં' કોણ કહો ગણે? ૫

ને બંધુ, પીતાં 'નીર ઠંડું' ના મને પણ પી જતા,
ને 'ઝાડ ઊંચાં' પર ચડો તો ના મને ગબડાવતા,
'બકરા' અને 'બકરાં', 'ગધેડા' ને 'ગધેડાં' એક ના,
'ગાડાં' અને 'ગાંડા' મહીં જે ભેદ, ભૂલો છેક ના. ૬

ને જ્યાં ન મારો ખપ, મને ત્યાં લઈ જતા ન કૃપા કરી,
નરજાતિ સંગે મૂકતાં, પગ મૂકજો નિત્યે ડરી.
કો મલ્લને એવું કહ્યું જો, 'ક્યાં ગયાં' તાં' આપજી ?
જો જો મળે ના તરત મુક્કાનો મહા સરપાવ જી. ૭

તો મિત્ર, મારી નમ્ર અરજી આટલી મનમાં ધરો,
લખતાં અને વદતાં મને ના સ્વપ્નમાંયે વિસ્મરો,
હું રમ્ય ગુંજન ગુંજતું નિત જ્ઞાનના પુષ્પે ઠરું,
અજ્ઞાનમાં પણ હું ડંખું-કિંતું એ કથા નહિ હું કરું. ૮

-સુન્દરમ્

## ૫. જોડાક્ષર

નીચેના જોડાક્ષરોમાં ખાસ ધ્યાન રાખવું જરૂરી છે.

| | |
|---|---|
| ક્ + ષ = ક્ષ | અધીક્ષક, પરીક્ષા, સમીક્ષા, અક્ષ, દ્રાક્ષ, સાક્ષી, પાક્ષિક |
| જ્ + ઞ = જ્ઞ | યજ્ઞ, કૃતજ્ઞ, જ્ઞાન, ધર્મજ્ઞ, મર્મજ્ઞ, જ્ઞાતા, સુજ્ઞ |
| દ્ + ઋ = દૃ | દૃષ્ટિ, દૃષ્ટાંત, દૃશ્ય, દૃઢ, દૃષ્ટ, દૃક |
| દ્ + ધ = દ્ધ | વૃદ્ધ, સિદ્ધિ, શુદ્ધ, બુદ્ધિ, યુદ્ધ, પદ્ધતિ, ઉદ્ધત, સમૃદ્ધ, બુદ્ધ |
| દ્ + મ = દ્મ | પદ્મ, પદ્મા |
| દ્ + ય = દ્ય | દ્યુતિ, વિદ્યા, વૈદ્ય, પદ્ય, ગદ્ય, નિંદ્ય |
| દ્ + ર = દ્ર | દ્રાક્ષ, દ્રૌપદી, દ્રાવણ, દ્રવ્ય, દ્રુત, દ્રુમ, દ્રોહ |
| દ્ + ર્ + ય = દ્ર્ય | દારિદ્ર્ય |
| દ્ + વ = દ્વ | દ્વીપ, દ્વિપ, દ્વેષ, દ્વાર, વિદ્વાન |
| ધ્ + ધ = ધ્ધ | અધ્ધર, સધ્ધર |
| ધ્ + ય = ધ્ય | ધ્યાન, પ્રાધ્યાપક, અધ્યયન, અધ્યેતા |
| હ્ + ઋ = હૃ | હૃદય, હૃષ્ટપુષ્ટ |
| હ્ + ન = હ્ન | વહ્નિ, મધ્યાહ્ન, આહ્નિક |
| હ્ + મ = હ્મ | બ્રહ્મ, બ્રાહ્મણ, બ્રહ્મા |
| હ્ + ય = હ્ય | રહ્યું, કહ્યું, સહ્યું, બાહ્ય, સહ્ય, પ્રસહ્ય |
| હ્ + ર = હ્ર કે હ્ર | હ્રાસ, હ્રસ્વ |
| સ્ + ર = સ્ર | સ્રોત, સહસ્ર, સ્રષ્ટા, સ્રાવ, સ્રગ્ધરા, હિંસ્ર, તમિસ્ર |
| સ્ + ત્ + ર = સ્ત્ર | સ્ત્રી, અસ્ત્ર, શસ્ત્ર, વસ્ત્ર, ઈસ્ત્રી, સ્ત્રૈણ, શાસ્ત્રીય, અસ્ત્રો |
| ત્ + ત = ત્ત | મહત્ત્વ, નિવૃત્તિ, પ્રસંગોપાત્ત, ચત્તું, ઉત્તર, ઉત્તમ, મહત્તમ, ઈયત્તા, ગુણવત્તા |
| ત્ + ર = ત્ર | કૃત્રિમ, સૂત્ર, પુત્ર, નેત્ર, ધાત્રી, માત્ર, સર્વત્ર |

## કેટલીક ધ્યાનમાં રાખવા જેવી બાબતો

(૧) એક જ શબ્દને બે ભાવવાચક પ્રત્યય 'ય' અને 'તા' એકસાથે લાગે નહિ.

(ક) દા.ત. સુંદર પરથી સૌંદર્ય અથવા સુંદરતા થાય, પણ સૌંદર્યતા થાય નહિ.

મધુર પરથી માધુર્ય અથવા મધુરતા થાય, પણ માધુર્યતા થાય નહિ.

(ખ) એકવાર નામ બન્યા પછી ફરી વખત તે શબ્દને નામનો પ્રત્યય લાગે નહિ.

દા.ત. માર્દવ – માર્દવતા (ખોટું)

અગત્ય – અગત્યતા ( „ )

સગવડ – સગવડતા ( „ )

અગવડ – અગવડતા ( „ )

મરોડ, ઉચ્ચાર વગેરેને કારણે કેટલાક અક્ષરોની જોડણીમાં ભૂલ થાય છે.

૧. 'શ' અને 'ષ'

પોશાક માં શ

પોષક માં ષ

૨. 'સ્ત્ર' અને 'સ્ર'

શાસ્ત્ર, અસ્ત્ર, શસ્ત્ર, સ્ત્રી ( સ્ + ત્ + ર )

સહસ્ર, સ્રગ્ધરા, સ્રાવ ( સ્ + ર )

૩. 'જ્ઞ' અને 'ઘ્ન'

જાણનાર, હણનાર

કૃતજ્ઞ (નિમકહલાલ), કૃતઘ્ન (નિમકહરામ)

સર્વજ્ઞ (તમામ વસ્તુનું જ્ઞાન ધરાવનાર), શત્રુઘ્ન (શત્રુને હણનાર)

૪. 'દ્ધ' અને 'ધ્ધ'

દ્ + ધ = દ્ધ, ધ્ + ધ = ધ્ધ

બુદ્ધ, વિદ્ધ, શુદ્ધ, સિદ્ધ, સમૃદ્ધ, યોદ્ધો જેવામાં 'દ્ધ' આવે છે.

સધ્ધર, જોધ્ધો માં 'ધ્ધ' આવે છે.

૫. ઘ અને ધ લખવામાં ધ્યાન રાખવું.

ઘરવખરી, ધરણાં

૬, દ્ય અને ધ્ય

(દ્ + ય) (ધ્ + ય)

નૈવેદ્યને નૈવેધ્ય ન લખાય.

૭. 'લ' અને 'ળ'

ક્યારેક 'લ' અને 'ળ' એકબીજાને બદલે ચાલે છે.

દા. ત. વર્તુળ - વર્તુલ, ત્રિશૂલ - ત્રિશૂળ

પરંતુ હંમેશાં તેમ નથી આવતું

દા. ત. મંગલ - મંગળ, ગોલો - ગોળો

૮. 'ટ' અને 'ડ', 'ઠ' અને 'ઢ'

તટ - તડ, ઠક્કો - ઢક્કો

એ લખતાં દિશા ખ્યાલમાં રાખવી.

૯. 'જી' અને 'જિ'

જિંદગી - જીંદગી (×)

જિજીવિષા - જીજીવિષા (×)

૧૦. 'ઋ' એ સ્વર છે.

ઋતુને બદલે રૂતુ ન લખાય.

ઋષિ - રૂષિ (×), ઋતંભરા - રૂતંભરા (×), ગૃહસ્થ - ગ્રહસ્થ (×).

# અંગ્રેજી શબ્દોની જોડણીના નિયમો

(૧) અંગ્રેજી તત્સમ્ શબ્દોના 'A' 'O' જેવા પહોળા ઉચ્ચારના સ્વરો ઊંધી માત્રા (ૅ) થી બતાવવામાં આવે છે. જેમ કે ઑડિયન્સના ઑનો ઉચ્ચાર પહોળો છે. માટે 'ઑ' એમ ઊંધી માત્રાથી લખાય, દા. ત. ડૉકટર, ડૉગ, કૉલ, કૉલેજ, કૉમેડી, કૉલમ, વગેરે.

(૨) અંગ્રેજીના શબ્દમાં જ્યારે 'I' આવે ત્યારે સામાન્ય રીતે હ્રસ્વ 'ઇ' લખાય છે.

દા. ત. સિટી, પોલિસી, ટિપટોપ, વગેરે.

(૩) અંગ્રેજીના શબ્દમાં જ્યારે 'EE' આવે ત્યારે સામાન્ય રીતે દીર્ઘ 'ઈ' લખાય છે.

દા. ત. ફી, ઘી, સી, ફીલ, વ્હીલ, વગેરે.

(૪) અંગ્રેજી શબ્દમાં જ્યારે 'U' આવે ત્યારે સામાન્ય રીતે હ્રસ્વ 'ઉ' લખાય છે.

દા. ત. યુનિટ, પુટ, સ્યુટ.

(૫) અંગ્રેજી શબ્દમાં જ્યારે 'oo' આવે ત્યારે સામાન્ય રીતે દીર્ઘ 'ઊ' આવે.

દા. ત. સ્કૂલ, હૂક, ફૂટ, નૂન, લૂમ, ટૂથ.

(૬) અંગ્રેજી શબ્દમાં જ્યારે 'ea', 'ee', તેમજ 'ie', અથવા શબ્દના છેડે 'Y' આવતો હોય ત્યારે પણ સામાન્ય રીતે દીર્ઘ 'ઈ' આવે છે.

દા. ત. સીટ, ટી, સિટી, બીયર, સોસાયટી, યુનિટી.

(૭) અંગ્રેજી શબ્દમાં જ્યારે 'X' લખાય ત્યારે તેની ગુજરાતી જોડણીમાં 'ક્સ' જ લખાય.

દા. ત. 'ક્ષ' (ક્ + ષ) નહિ, જેમ કે એક્સપ્રેસ, ઓર્થોડોક્સ, ટેકસ, બોક્સ, ટેક્સી મીક્સ, સિક્સ, ફીક્સ, ઝેરોક્સ, વગેરે.

# ૬. શુદ્ધ જોડણી

| આમ ન લખાય | પણ આમ લખાય | આમ ન લખાય | પણ આમ લખાય |
|---|---|---|---|
| ગુલમહોર | ગુલમોર | ચૂપકીદી | ચુપકીદી |
| કિલ્લોલ | કલ્લોલ | અદ્ધર | અધ્ધર |
| અધવચ્ચે | અધવચ | સદ્ધર | સધ્ધર |
| મનોકામના | મનકામના | સુદ્ધાં | સુધ્ધાં |
| અદ્‌ભૂત | અદ્‌ભુત | ઝગડો | ઝઘડો |
| ભૂલભૂલામણી | ભુલભુલામણી | વિભાજીત | વિભાજિત |
| અંતર્ધ્યાન | અંતર્ધાન | અગવડતા | અગવડ |
| હમે, હમો | અમે, અમો | સગવડતા | સગવડ |
| હમારું | અમારું | અગત્યતા | અગત્ય |
| હમારે | અમારે | સહાયતા | સહાય |
| વાગે | વાગ્યે | વ્યાજબી | વાજબી |
| જાવ | જાઓ | ખાત્રી | ખાતરી |
| ઠપ્પ | ઠપ | ગણત્રી | ગણતરી |
| લબ્ધપ્રતિષ્ઠિત | લબ્ધપ્રતિષ્ઠ | તો પણ | તોપણ |
| નુસ્ખો | નુસખો | મ્હાત્ | માત |
| મસ્કો | મસકો | ભુવન | ભવન |
| ધૂસ્કો | ધ્રૂસકો | બેન, બ્હેન | બહેન |
| શુદ્ધિકરણ | શુદ્ધીકરણ | મ્હેરબાન | મહેરબાન |
| બિસ્માર | બિસમાર | પ્હોળું | પહોળું |
| એમજ | એમ જ | પોષાક | પોશાક |
| ભાડુત-ભાડુતી | ભાડૂત-ભાડૂતી | પ્રસંગોપાત | પ્રસંગોપાત્ત |
| ઘોડેસ્વાર/રી | ઘોડેસવાર/રી | પ્રાયશ્ચિત | પ્રાયશ્ચિત્ત |
| અસ્વાર | અસવાર | ખોરંબે | ખોળંબે, ખોરંબે |

| આમ ન લખાય | પણ આમ લખાય | આમ ન લખાય | પણ આમ લખાય |
|---|---|---|---|
| ગોબરુ | ગોબરું | જખ્મ | જખમ |
| ગોરાંગના | ગૌરાંગના | તજજ્ઞ | તજ્જ્ઞ |
| ગદર્ભ | ગર્દભ | ચોર્યાસી | ચોરાશી/ચોરાસી |
| ગ્રંથી | ગ્રંથિ | નમકહરામ | નિમકહરામ |
| પત્થર | પથ્થર | નમકહલાલ | નિમકહલાલ |
| ચોકખાઈ | ચોખ્ખાઈ | ગિર્દી | ગરદી/ગિરદી |
| ફત્તેહ | ફતેહ | સ્હેજ | સહેજ |
| લાપત્તા | લાપતા | તત્વ | તત્ત્વ |
| શ્રુંગાર | શૃંગાર | સત્વ | સત્ત્વ |
| સમંદર | સમદર | વિદ્વતા | વિદ્વત્તા |
| પૃથ્થકરણ | પૃથક્કરણ | વિગેરે | વગેરે |
| બસૂરું | બેસૂરું | મંઝિલ | મંજિલ |
| જાુવો | જુઓ | માલમ | માલૂમ |
| ચશ્મા | ચશ્માં | રૂઆબ | રુઆબ |
| દહેરાસર | દેરાસર | મિઠાઈ | મીઠાઈ |
| ચાલીસ | ચાળીસ | મનોરમ્ય | મનોરમ |
| ચીવટાઈ | ચીવટ | છૂટકારો | છુટકારો |
| કિંમતી | કીમતી | ધૃણા | ઘૃણા |
| લાગલગાટ | લાગલાગટ | નૈઋત્ય | નૈર્ઋત્ય |
| શખ્સ/સખ્સ | શખસ | મેઘા, મેઘાવી | મેધા, મેધાવી |
| વિનતી | વિનતિ/વિનંતિ | પુરૂષ, પુરુષ | પુરુષ |
| લ્હાણી | લહાણી | વાંચન, વાંચકો | વાચન, વાચકો |
| વહેલાસર | વેળાસર | વિધ્યા, વિધ્યાર્થી | વિદ્યા, વિદ્યાર્થી |
| તસ્વીર | તસવીર | ઉધ્યોગ | ઉદ્યોગ |
| સુસ્વાગત | સ્વાગત | સવન્ત, સવંત | સંવત |

| આમ ન લખાય | પણ આમ લખાય | આમ ન લખાય | પણ આમ લખાય |
|---|---|---|---|
| સહસ્ત્ર | સહસ્ર | વરિષ્ટ | વરિષ્ઠ |
| સમ્મુખ-સંમુખ | સન્મુખ | ત્થા | તથા |
| વૃજ, વૃત | વ્રજ, વ્રત | દ્રઢ, દ્રષ્ટાંત, દ્રષ્ટિ, દ્રશ્ય | દૃઢ, દૃષ્ટાંત, દૃષ્ટિ, દૃશ્ય |
| અશ્ચમેઘ | અશ્વમેધ | વ્દાર, ધ્વારા | દ્વાર, દ્વારા |
| આદ્રા-આદ્રા | આર્દ્રા-આર્દ્રા | પંચાન્હિક, | પંચાહ્નિક, |
| આમરણાંત | આમરણ/મરણાંત | અષ્ટાન્હિક | અષ્ટાહ્નિક |
| આર્શીવાદ | આશીર્વાદ | માંરૂં, તારૂં, અમારૂં | મારું, તારું અમારું |
| આર્કષક | આકર્ષક | તમારૂ | તમારું |
| સર્મપણ | સમર્પણ | આધ્ય | આદ્ય |
| કૃણાલ | કુણાલ | આયુર્વેદિ | આયુર્વેદિક |
| ગુરૂ-ગુરૂ-ગુરૂ | ગુરુ | આલ્હાદ | આહ્લાદ |
| ગૃપ | ગ્રુપ | ઈલ્મી | ઈલમી |
| જરાસંઘ | જરાસંધ | કિન્ડરગાર્ડન | કિન્ડરગાર્ટન |
| જયેષ, શૈલેષ | જયેશ, શૈલેશ | શરતચૂક | સરતચૂક |
| સતીષ | સતીશ | | |
| જયેષ્ટ, ધર્મિષ્ટ | જયેષ્ઠ, ધર્મિષ્ઠ | | |

## ૭. જોડણીફેરથી અર્થફેર

| | | | |
|---|---|---|---|
| (૧) | ચોમાસું | - | ઋતુ |
| | ચોમાસુ | - | ચોમાસામાં ઊગતું |
| (૨) | રવિ | - | સૂર્ય |
| | રવી | - | વસંતઋતુ દરમિયાન થતો પાક |
| (૩) | અકસ્માત્ | - | ઓચિંતુ; અચાનક |
| | અકસ્માત | - | અણધારી ઘટના; હોનારત |
| (૪) | અતરંગ | - | તરંગ કે મોજાં વિનાનું, શાંત; અધ્ધર; અલગ |
| | અંતરંગ | - | પાસેનું; અંદરના ભાગનું; આત્મીય; વિશ્વાસુ |
| (૫) | આજ | - | આજે; આજનો દિવસ |
| | આ જ | - | બીજું નહિ, પણ આ જ |
| (૬) | ખચિત | - | જડેલું; બેસાડેલું |
| | ખચીત | - | જરૂર; અવશ્ય; ચોક્કસ |
| (૭) | ગોબરુ | - | ઓરી ('રુ' પર અનુસ્વાર નહિ) |
| | ગોબરું | - | ગંદું ('રું પર અનુસ્વાર આવે) |
| (૮) | ઘોરખોદુ | - | ઘોર - કબર ખોદનારુ ('દુ' પર અનુસ્વાર નહિ) |
| | ઘોરખોદું | - | એક પ્રાણી ('દું' પર અનુસ્વાર આવે) |
| (૯) | ચિર | - | લાંબું; લાંબા વખતનું |
| | ચીર | - | વસ્ત્ર; ચીરી |
| (૧૦) | ધ્રુસકો | - | ભેંકડો |
| | ધ્રાસકો | - | ફાળ |
| (૧૧) | ભવન | - | ઘર; મકાન |
| | ભુવન | - | જગત; લોક |
| (૧૨) | સરત | - | નજર; સ્મૃતિ; ધ્યાન |
| | શરત | - | હોડ; કરાર; બોલી |

| | | | |
|---|---|---|---|
| (૧૩) | સારુ | - | માટે; વાસ્તે |
| | સારું | - | (૧) સુંદર; શુભ; ભલે; ઠીક<br>(૨) સમસ્ત; આખું |
| (૧૪) | સાંભરવું | - | યાદ આવવું; એકઠું કરવું |
| | સાંભળવું | - | શ્રવણ કરવું; ધ્યાન પર લેવું |
| (૧૫) | સંભવિત | - | શકય; સંભવ હોય તેવું |
| | સંભાવિત | - | પ્રતિષ્ઠિત; પ્રતિષ્ઠાવાળું |
| (૧૬) | સ્રોત | - | પ્રાપ્તિસ્થાન |
| | સ્તોત્ર | - | છંદોબદ્ધ સ્તુતિ |
| (૧૭) | સંમુખ | - | સામે મુખવાળો (સમ્ + મુખ) |
| | સન્મુખ | - | સારા કે સુંદર મુખવાળો |
| (૧૮) | દૃષ્ટા | - | જોવાયેલી |
| | દ્રષ્ટા | - | જોનાર |
| (૧૯) | વૃત | - | વરાયેલ; પસંદ કરાયેલ |
| | વ્રત | - | દીક્ષા; નિયમ |
| (૨૦) | ગૃહ | - | ઘર |
| | ગ્રહ | - | સૂર્ય, વગેરે નવ ગ્રહો |
| (૨૧) | તૃણ | - | ઘાસ |
| | ત્રણ | - | '૩'ની સંખ્યા |
| (૨૨) | ઋણ | - | દેવું |
| | રણ | - | રેતાળ પ્રદેશ |
| (૨૩) | હૃદ | - | હૃદય |
| | હ્રદ | - | સરોવર |
| (૨૪) | ઉપહાર | - | ભેટ; બક્ષિસ |
| | ઉપાહાર | - | નાસ્તો |
| (૨૫) | સુત | - | દીકરો; પુત્ર |
| | સૂત | - | સારથિ; સૂતર |

| | | | |
|---|---|---|---|
| (૨૬) | દિન | - | દિવસ |
| | દીન | - | ગરીબ; લાચાર |
| (૨૭) | સુર | - | દેવ |
| | સૂર | - | અવાજ; ધ્વનિ; સૂરજ |
| (૨૮) | વસ્તી | - | જન સંખ્યા |
| | વસ્તિ | - | પેડુ; બસ્તિ; મૂત્રાશય |
| (૨૯) | પરિણામ | - | ફળ; નતીજો |
| | પરિમાણ | - | માપ |
| (૩૦) | પુરં | - | શહેર; નગર |
| | પૂર | - | રેલ |
| (૩૧) | વધુ | - | વધારે |
| | વધૂ | - | વહુ; પત્ની |
| (૩૨) | દ્વિપ | - | હાથી |
| | દ્વીપ | - | ટાપુ; બેટ |
| (૩૩) | ગૃહીત | - | ગ્રહણ કરેલું; માની લીધેલું |
| | ગ્રહીતા | - | ગ્રહણ કરનાર; લેનારો; સમજનારો |
| (૩૪) | પરછંડ | - | હૃષ્ટપુષ્ટ; કદાવર |
| | પડછંદ | - | પડઘો |
| (૩૫) | સંભાળવું | - | જાળવવું; સાચવવૂં; જતન કરવું |
| | સંભારવું | - | યાદ કરવું |
| (૩૬) | સહેજ | - | થોડું; અલ્પ; જરા |
| | સહજ | - | સ્વાભાવિક; કુદરતી; સહેલું |
| (૩૭) | પારખુ | - | પરીક્ષક; કદર કરનાર |
| | પારખું | - | પરીક્ષા |
| (૩૮) | સંભાવી | - | સંભવે એવું; શકય |
| | સંભાવ્ય | - | સત્કાર-સન્માન કરવા યોગ્ય; શકય |
| (૩૯) | રુક્ષ/રૂક્ષ | - | લૂખું; શુષ્ક; ખરબચડું (૨) કઠોર |
| | ઋક્ષ | - | રીંછ; નક્ષત્ર; તારો |

| | | | |
|---|---|---|---|
| (૪૦) | પાણિ | - | હાથ |
| | પાણી | - | જળ |
| (૪૧) | અહિ | - | સાપ |
| | અહીં | - | આ સ્થળે |
| (૪૨) | વિણ | - | વિના |
| | વીણ | - | પ્રસવ વેદના |
| (૪૩) | કુજન | - | ખરાબ માણસ |
| | કૂજન | - | મધુર ગાન |
| (૪૪) | સલિલ | - | પાણી |
| | સલીલ | - | લીલાયુક્ત |
| (૪૫) | વારિ | - | પાણી |
| | વારી | - | વારો; ક્રમ |
| (૪૬) | ષષ્ટિ | - | સાઠ |
| | ષષ્ઠી | - | છઠ્ઠી |
| (૪૭) | પિન | - | ટાંકણી |
| | પીન | - | પુષ્ટ |
| (૪૮) | રતિ | - | કામદેવની પત્ની |
| | રતી | - | ચણોઠી જેટલું વજન |
| (૪૯) | શિલા | - | મોટો પથ્થર |
| | શીલા | - | શીલવતી સ્ત્રી |
| (૫૦) | જિત | - | જીતેલો, જિતાયેલું |
| | જીત | - | જય |
| (૫૧) | કુલ | - | એકંદર, કુટુંબ |
| | કૂલ | - | કિનારો |
| (૫૨) | ગુણ | - | મૂળ લક્ષણ, માર્ક |
| | ગૂણ | - | કોથળો |
| (૫૩) | જિન | - | જૈન તીર્થંકર ૨. કપાસ લોઢવાનું યંત્ર |
| | જીન | - | એક પ્રકારનું ભૂત ૨. ઘોડાનું પલાણ |

| | | | |
|---|---|---|---|
| (૫૪) | જુઓ | - | દેખો |
| | જૂઓ | - | જૂ નું બ.વ. |
| (૫૫) | દારુ | - | દેવદારનું લાકડું |
| | દારૂ | - | મદિરા |
| (૫૬) | રાશિ | - | ઢગલો ર. ગ્રહ |
| | રાશી | - | ખરાબ |
| (૫૭) | અંગુર | - | રૂઝ, નવી ત્વચા |
| | અંગૂર | - | દ્રાક્ષ |
| (૫૮) | આહુત | - | હોમેલું |
| | આહૂત | - | બોલાવેલું |
| (૫૯) | સુરત | - | એક શહેર |
| | સૂરત | - | ચહેરો |
| (૬૦) | સુરતિ | - | આનંદ, સુખ |
| | સુરતી | - | સુરતનું |
| (૬૧) | સિત | - | સફેદ |
| | સીત | - | કોશ |
| (૬૨) | મતિ | - | બુદ્ધિ |
| | મતી | - | મતવાળું (બહુમતી) |
| (૬૩) | અવધિ | - | નિર્ઝિત સમય |
| | અવધી | - | અવધની ભાષા |
| (૬૪) | પતિ | - | સ્વામી |
| | પતી | - | ક્રિયા પૂરી થઇ |
| (૬૫) | કુચ | - | સ્તન |
| | કૂચ | - | સામૂહિક પ્રયાણ |
| (૬૬) | માલમ | - | વહાણનો દોરનાર |
| | માલૂમ | - | જાણેલું |
| (૬૭) | મુફલિસ | - | ગરીબ |
| | મુફસિલ | - | પાટનગર સિવાયનો પ્રદેશ |

| | | | |
|---|---|---|---|
| (૬૮) | લેશ | - | જરાક |
| | લેસ | - | જરીની કિનાર |
| (૬૯) | વારાંગના | - | ગણિકા |
| | વીરાંગના | - | બહાદુર સ્ત્રી |
| (૭૦) | શરુ/સરુ | - | એક ઝાડ |
| | શરૂ | - | ચાલુ |
| (૭૧) | શાલ | - | ઓઢવાનું એક વસ્ત્ર |
| | શાળ | - | ડાંગર |
| (૭૨) | સાલ | - | વર્ષ |
| | સાળ | - | કાપડ વણવાનું યંત્ર |
| (૭૩) | શ્રીમંત | - | પૈસાદાર |
| | સીમંત | - | અઘરણી |
| (૭૪) | સંગ | - | સોબત |
| | સંઘ | - | ટોળું |
| (૭૫) | સામયિક | - | સમય સંબંધી |
| | સામાયિક | - | એક જૈન નિત્યક્રમ |
| (૭૬) | સુણવું | - | સાંભળવું |
| | સૂણવું | - | સૂજવું |
| (૭૭) | સુતર | - | સહેલું |
| | સૂતર | - | રૂનો તાર |

# ૮. બંને જોડણી સાચી

| | | | | | |
|---|---|---|---|---|---|
| અડધુ | - | અરધુ | નારિયેળ | - | નાળિયેર |
| અષાડ | - | અષાઢ | પાદર | - | પાધર |
| ઉડાડવું | - | ઉરાડવું | પેડુ | - | પેઢુ |
| કચડવું | - | કચરવું | ફરશી | - | ફરસી |
| કેશર | - | કેસર | બક્ષિશ | - | બક્ષિસ |
| ખવડાવવું | - | ખવરાવવું | બેશુમાર | - | બેસુમાર |
| ખિજમત | - | ખિદમત | મજા | - | મઝા |
| ખુરશી | - | ખુરસી | માશી | - | માસી |
| અથાક | - | અથાગ | વર્ણમાલા | - | વર્ણમાળા |
| આમલી | - | આંબલી | વિકરાલ | - | વિકરાળ |
| એંશી | - | એંસી | વિશાલ | - | વિશાળ |
| કહેવડાવવું | - | કહેવરાવવું | વેડમી | - | વેઢમી |
| કોશ | - | કોષ | વૈદ | - | વૈદ્ય |
| ખાંડણી | - | ખાયણી | શાબાશ | - | સાબાશ |
| ખુડદો | - | ખુરદો | શિફારસ | - | સિફારસ |
| ગડબડ | - | ગરબડ | ગવડાવવું | - | ગવરાવવું |
| ગભાણ | - | ગમાણ | ચડવું | - | ચઢવું |
| ઘડભાંગ | - | ઘડભાંજ | ચાંદલો | - | ચાંલ્લો |
| ચડાઈ | - | ચઢાઈ | છાશ | - | છાસ |
| જોશ | - | જોષ | જોશી | - | જોષી |
| ડાટી | - | દાટી | ડોશી | - | ડોસી |
| તકાજો | - | તકાદો | મજિયારું | - | મઝિયારું |
| તડબૂચ | - | તરબૂચ | સાંજ | - | સાંઝ |
| તમાશો | - | તમાસો | તડફડવું | - | તરફડવું |
| તીરથ | - | તીર્થ | તત્કાલ | - | તત્કાળ |
| દિલ્લી | - | દિલ્હી | તરવાર | - | તલવાર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| દાયરો | - | ડાયરો | શોકીન | - | શોખીન |
| ધ્રાશકો | - | ધ્રાસકો | સુગરી | - | સુઘરી |
| પડદો | - | પરદો | સુવડાવવું | - | સુવરાવવું |
| પિંગલશાસ્ત્ર | - | પિંગળશાસ્ત્ર | હડતાલ | - | હડતાળ |
| પ્રકટ | - | પ્રગટ | હબશી | - | હબસી |
| ફલાહાર | - | ફળાહાર | સુતાર | - | સુથાર |
| બારશ | - | બારસ | સોકટી | - | સોગટી |
| બેસાડવું | - | બેસારવું | હલ | - | હળ |
| માલિશ | - | માલિસ | કોટિ | - | કોટી |
| રસાયણ | - | રસાયન | ધુન | - | ધૂન |
| વાટકી | - | વાડકી | બિના | - | બીના |
| વિકલ | - | વિકળ | ભાવિ | - | ભાવી |
| વેશ | - | વેષ | ભેરિ | - | ભેરી |
| વ્યાકુલ | - | વ્યાકુળ | મસિ | - | મસી |
| શાહી | - | સાહી | મહિ | - | મહી |
| શીશમ | - | સીસમ | યતિ | - | યતી |
| અંગુલિ | - | અંગુલી | શ્રેણિ | - | શ્રેણી |
| આવલિ | - | આવલી | સાબુ | - | સાબૂ |
| ઔષધિ | - | ઔષધી | અવનિ | - | અવની |
| કલ્કિ | - | કલ્કી | ધુમ્મસ | - | ધૂમસ |
| કસુંબી | - | કસૂંબી | કુત્તો | - | કૂતરો |
| કિંમત | - | કીમત | કુટિર | - | કુટીર |
| નહિ | - | નહીં | ખિસ્સું | - | ખીસું |
| છુટ્ટી | - | છૂટી | ગાંડિવ | - | ગાંડીવ |
| જરૂખો | - | ઝરૂખો | ઘુંમટ | - | ઘૂંમટ |
| ગીચોગીચ | - | ઘીચોઘીચ | બાસુંદી | - | બાસૂંદી |

## જોડાક્ષરની આગળ હ્રસ્વ ઇ, ઉ કે અ આવે, પરંતુ જોડાક્ષર દૂર થતાં દીર્ઘ ઈ, ઊ કે આ બને.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ઇજ્જત | - | ઈજત | ખુન્નસ | - | ખૂનસ |
| ઉધ્ધડ | - | ઊધડ | ઘટ્ટ | - | ઘાટું |
| કિન્નાખોર | - | કીનાખોર | છુટ્ટી | - | છૂટી |
| કિમ્મત | - | કીમત | ધુમ્મસ | - | ધૂમસ |
| કુત્તો | - | કૂતરો | ભત્ત | - | ભાત |
| ખિસ્સું | - | ખીસું | સક્કર | - | સાકર |
| | | | સત્ત | - | સાત |

# ૯. વિરામચિહ્નો

કોઈપણ ભાષામાં તેની જોડણીની સાથોસાથ વિરામચિહ્નો પણ એટલાં જ અગત્યનાં ગણી શકાય. વાક્યમાં જ્યાં અટકવાનું હોય, આરોહ-અવરોહ હોય અથવા શબ્દ પર ભાર મૂકવાનો હોય ત્યાં વિરામચિહ્નોનો ઉપયોગ થાય છે.

## વિરામચિહ્નો વિશે સમજૂતી :-

અહીં વિરામચિહ્નો વિશે પણ વિચારી લઈએ. અર્થને વ્યક્ત કરવામાં, એને વિશદ કરવામાં વિરામચિહ્નોનો ઉપયોગ આપણે કરીએ છીએ. લખાણમાં જરા પણ સંદિગ્ધતા કે અસ્પષ્ટતા ન રહે તે સારુ વિરામચિહ્નો વાપરીએ છીએ. યોગ્ય વિરામચિહ્નોનો ઉપયોગ એ કેવળ યાંત્રિક કે યાદચ્છિક નથી, વાક્યોનો તે અનિવાર્ય અંશ છે. છતાં લેખકે લેખકે વિરામચિહ્નોના ઉપયોગમાં યાંત્રિક એકવાક્યતા નથી હોતી એ પણ આપણે જાણીએ છીએ. વિરામચિહ્નો શબ્દાન્તર્ગત અર્થના પુરસ્કર્તા હોય છે. આજે આપણે જે વિરામચિહ્નોનો ઉપયોગ કરીએ છીએ તે કાંઈ મૂળ આપણાં નથી. આપણે તે પશ્ચિમ પાસેથી લીધેલાં છે. જેમ ભાષામાં પરિવર્તન આવ્યા કરે છે તેમ વિરામચિહ્નોના ઉપયોગમાં પણ પરિવર્તન આવે છે.

વિરામચિહ્નોના પ્રાથમિક હેતુઓ ચાર ગણાવી શકાય :

(૧) સમાપન, (૨) ઉદ્‌ઘાટન, (૩) વિભાજન અને (૪) સીમાંકન.

આપણે બધાં મળીને અઢાર જેટલાં ચિહ્નો વાપરીએ છીએ. હવે આપણે એક પછી એક એમનો ઉપયોગ જોઈએ.

### -: વિરામચિહ્નો નીચે પ્રમાણે છે :-

(૧) પૂર્ણવિરામ ( . )

(૨) અલ્પવિરામ ( , )

(૩) અર્ધવિરામ ( ; )

(૪) ગુરુવિરામ ( : )

(૫) પ્રશ્નાર્થચિહ્ન ( ? )

(૬) ઉદ્‌ગારચિહ્ન ( ! )

(૭) લઘુરેખા ( - )

(૮) ગુરુરેખા ( – )

(૯) અવતરણચિહ્નો ( ‘‘ ’’ )

(૧૦) લોપચિહ્ન ( ’ )

## -: અન્ય વિરામ ચિહ્નો નીચે મુજબ છે :-

| | | | |
|---|---|---|---|
| (૧૧) એ જ | „ | (૧૬) ફૂદડી | * * * |
| (૧૨) કૌંસ | ( ), [ ], { } | (૧૭) મોરપગલું | ^ |
| (૧૩) ટપકાં | … … | (૧૮) વિગ્રહરેખા | - - |
| (૧૪) ત્રાંસી લીટી | / | (૧૯) શબ્દ તૂટક | - - - |
| (૧૫) પોલું મીડું | ○ | | |

**(૧) પૂર્ણ વિરામ** :-કોઈપણ સાદું વાક્ય પૂરું થાય ત્યાં પૂર્ણ વિરામ મૂકવું જોઈએ.

દા.ત. આજે રજા છે.

શબ્દનું સંક્ષિપ્ત રૂપ લખતી વખતે પણ પૂર્ણવિરામ મૂકવામાં આવે છે.

દા.ત. સા.વ.વિ. (સામાન્ય વહીવટ વિભાગ)

મું.રા.સે.નિ. (મુંબઈ રાજય સેવા નિયમો)

વાક્ય પૂરું ન થયું હોય ત્યારે પૂર્ણવિરામ મૂકવું યોગ્ય નથી.

**(૨) અલ્પવિરામ** :- વાક્યમાં ઘણાં નામ, વિશેષણો, અવ્યયો અથવા ક્રિયાપદો એકસાથે આવે ત્યારે છેલ્લા સિવાય દરેકની પછી અલ્પવિરામ મૂકવામાં આવે છે.

દા.ત. સાદાઈ, પ્રમાણિકતા, ધૈર્ય અને ખંત વિદ્યાર્થીનાં સાચાં લક્ષણો છે.

સંબોધનાર્થે વપરાયેલા પદ પછી અને અલબત્ત, ખરેખર, ટૂંકમાં, જેમકે, વગેરે જેવા શબ્દો પછી અલ્પવિરામ મુકાય છે.

દા.ત. શીલા, બારણું ખોલ.

અલબત્ત, આ પુસ્તક મને ગમશે.

આ ઉપરાંત અવતરણચિહ્ન વાપરતાં પહેલાં અલ્પવિરામ મુકાય છે. સરખા દરજ્જાના શબ્દોની પહેલાં અને વાક્ય જ્યારે, અને, તેથી, માટે, પણ, પરંતુ, વગેરેથી જોડાતું હોય ત્યારે તે અલ્પવિરામથી જુદું પડાય છે. લાંબાં વાક્યોમાં પેટાવાક્યો પછી અલ્પવિરામ મુકાય છે.

અલ્પવિરામ ઘણી જુદી જુદી રીતે વપરાય છે. જો તે યોગ્ય રીતે વપરાય તો અર્થને વિશદ કરવામાં તે ખૂબ મદદ કરે છે અને જો તે ખોટી રીતે વપરાય કે વધારે પડતું વપરાય તો અર્થ સંદિગ્ધ પણ બની બેસે છે. જો આ ચિહ્ન યોગ્ય રીતે વાપરતાં આવડે તો અભિવ્યક્તિ વિશદ અને અસંદિગ્ધ બને છે.

૧. લાંબાં પેટાવાક્યોને જુદાં પાડવા માટે , વપરાય છે.

**ઉદા. ૧** શ્રીકૃષ્ણ પાસે માગવા જવાની સુદામાની ઇચ્છા ન હતી, પણ પત્નીના આગ્રહથી તેમને જવું પડ્યું.

તમે ખુશીથી આવજો, અમે ઘેર જ હોઈશું.

૨. વાક્યની વચમાં કેટલાક શબ્દો કે શબ્દસમૂહોને જુદા પાડવાને , , (બે અલ્પવિરામ) વપરાય છે.

**ઉદા. ૧** અકસ્માત થયો ત્યારે, મને લાગે છે, તે બેદરકારીથી મોટર હાંકતો હતો.

**ઉદા. ૨** આ વિદ્યાર્થીઓ તો, તમે જાણો છો કે, ઘણા સારા છે.

૩. બે - ત્રણ ક્રિયાઓની શ્રેણી આવે ત્યારે તેમને જુદી પાડવા માટે , નો ઉપયોગ કરાય છે.

**ઉદા. ૧** તે આવે છે, બેસે છે, ને વાતો પણ કરે છે.

૪. ક્યારેક શબ્દ કે શબ્દસમૂહોને પ્રસ્તાવિત કરવાના હોય ત્યારે , વપરાય છે.

**ઉદા. ૨** એને જરૂર હતી એક જ વસ્તુની, પ્રોત્સાહનની.

**ઉદા. ૨** એ એક જ કામે જતો હતો, નોકરી શોધવા.

૫. મનમાં કોઈ પ્રશ્ન રમી રહ્યો હોય, અને સીધું જ પૂછવાનું થાય, મોટેથી વિચારતા હોઈએ તે રીતે, તો , વપરાય છે.

**ઉદા. ૧** તમે તો ના જ પાડશો, ખરું ને ?

૬. અવતરણ પહેલાં અને અમુક સંજોગોમાં પછી , વપરાય છે.

**ઉદા. ૧** તેણે કહ્યું, ''હું તમારો આભાર માનું છું.''

**ઉદા. ૨** ''હું તમારો આભાર માનું છું,'' તેણે કહ્યું.

૭. પણ, છતાં વગેરે જેવા અવ્યયો પહેલાં , વપરાય છે.

**ઉદા. ૧** તેમણે આગ્રહ તો ઘણો કર્યો, પણ હું ગયો નહીં.

૮. આંકડામાં હજાર, લાખ વગેરે જુદા દર્શાવવા , વપરાય છે.

**ઉદા. ૧** રૂા. ૭,૭૨૩

રૂા. ૨૦,૧૫૧

રૂા. ૭,૧૨,૫૨૦

પણ વર્ષ, ટેલિફોન નંબર કે ઘર નંબર દર્શાવવા હોય તેમાં , વપરાય નહીં.

**ઉદા. ૨** **૧.** ગુજરાત વિદ્યાપીઠનો ટેલિફોન નં. ૨૭૫૫૬૬૧૮ છે.

**૨.** એમનો જન્મ ૧૯૯૦માં થયો છે.

**૩.** અહમદ શામળાજીની પોળ, નં. ૫૫૧૧માં રહે છે.

એ જ રીતે વાહનનો નંબર કે એવા બીજા નંબરો દર્શાવવામાં પણ , વપરાતું નથી.

૯. તારીખ, મહિનો, વર્ષ લખવામાં , નો ઉપયોગ આ રીતે થાય છે.

**ઉદા. ૧.** જુલાઈ ૧૧, ૧૯૫૧ના રોજ તેણે હિંદ છોડ્યું.

**૨.** જુલાઈ ૧૯૭૦ અથવા જુલાઈ, ૧૯૭૦.

૧૦. કશુંક રહી ગયું છે એવું બતાવવા પણ , વપરાય છે.

**ઉદા. ૧** આ નિશાળમાં ૧,૫૦૦ વિદ્યાર્થીઓ છે પેલીમાં, ૧,૦૦૦.

(૩) **અર્ધવિરામ** :-વાક્યમાં વધારે અટકવાનું હોય પણ પૂર્ણવિરામથી ઓછું અટકવાનું હોય ત્યાં અર્ધવિરામ વપરાય છે. સંયુક્ત/મિશ્ર વાક્યમાં વચ્ચે ઉભયાન્વયી અવ્યય ન વપરાયુ હોય ત્યારે પણ અર્ધવિરામ મૂકવામાં આવે છે.

**ઉદા. ૧** કવિતામાં માધુર્ય છે, પણ તે અવ્યકત છે;

કવિતામાં રસ છે, પણ તે સૂચિત છે.

(૪) **ગુરુવિરામ** :-ગણતરી કરવી હોય, યાદી લખવી હોય અથવા વર્ણન કરવું હોય ત્યારે વાક્યમાં ગુરુવિરામ મુકાય છે.

**ઉદા. ૧** દશરથ રાજાને ચાર પુત્ર હતા: રામ, લક્ષ્મણ, ભરત, શત્રુઘ્ન.

અર્ધવિરામની જેમ ગુરૂવિરામ શબ્દ પણ કંઈક ગૂંચવાડો ઊભો કરે તેવો છે. આ ચિહ્ન કંઈક અપેક્ષા ઊભી કરે છે. ''હવે ધ્યાન રાખો શું આવે છે'' એમ તે વાચકને સંકેત કરે છે. કેટલાક લેખકો તો આ ચિહ્નનો સમૂળગો ઉપયોગ કરતા જ નથી, વાક્ય પછી કોઈ અવતરણ આવતું હોય ત્યારે ગુરુવિરામનો ઉપયોગ થાય છે.

**ઉદા. ૧** યંત્રોના ઉપયોગ વિશે ગાંધીજી કહે છે :

'— એ કહ્યું', એ અર્થમાં ગુરુવિરામ વપરાય છે.

**ઉદા.** ૨ ગાંધીજીઃ સત્ય એ જ મારો પરમેશ્વર છે.

(૫) **પ્રશ્નાર્થ ચિહ્ન** :-વાક્યમાં પ્રશ્નાર્થનો ભાવ રહેલો હોય ત્યારે વાક્યને છેડે આ ચિહ્ન મુકાય છે. પ્રશ્ન પુછાયો છે એમ બતાવવા આ ચિહ્ન વપરાય છે.

**ઉદા. ૧** આ પુસ્તક ગમ્યું ?

તમે ક્યાં જાઓ છો ?

મિશ્ર વાક્યના મુખ્ય વાક્યમાં પ્રશ્ન હોય તોપણ વાક્યના છેડે પ્રશ્નાર્થચિહ્ન મુકાય છે.

**ઉદા.** ૨ મને શી ખબર કે તમે નહીં આવો ?

પ્રશ્ન પુછાયો છે એમ બતાવવા આ ચિહ્ન વપરાય છે.

**ઉદા.** ૩ તમે ક્યાં જાઓ છો ?

ક્યાંક શંકા પડતી હોય ત્યાં પણ આ ચિહ્ન વપરાય છે.

**ઉદા. ૪** આંબેડકરનો જન્મ એપ્રિલ ૧૪ (?), ૧૮૯૧ના રોજ થયો હતો.

ક્યાંક કટાક્ષ બતાવવા પણ આ ચિહ્ન વપરાય છે.

**ઉદા. ૫** તમારા નમ્ર (?) સ્વભાવથી હું પ્રસન્ન થયો છું.

(૬) **ઉદ્‌ગાર ચિહ્ન કે આશ્ચર્ય ચિહ્ન** :-આશ્ચર્ય, પ્રશંસા, ધિક્કાર, ક્રોધ અને દુઃખ વ્યક્ત કરવા આ ચિહ્ન વપરાય છે.

**ઉદા.** અહા ! કેવા ધોરી અને ચોખ્ખા રસ્તા !

વાહ ! ધન્ય છે તારી જનેતાને !

સાધારણ રીતે, હંમેશાં નહિ, આ ચિહ્ન સમાપનનું જ છે. વિરામચિહ્નો એ તો લખાણનો અત્યંત જીવંત અંશ છે. લખાણમાં આશ્ચર્યવિરામનો અવિવેકથી ઉપયોગ કર્યો હોય તો તેથી લખાણને પોતાને જ હાનિ થાય છે. બીજું કોઈ ચિહ્ન વાપરી શકાતું હોય તો આ ચિહ્નનો ઉપયોગ કરવાનું ટાળવું જોઈએ.

આશ્ચર્ય બતાવવું હોય, ક્યારેક અમુક મહત્ત્વ બતાવવું હોય, તીવ્ર લાગણી દર્શાવવી હોય ત્યારે આ ચિહ્ન વપરાય છે.

બળપૂર્વક અને ભારપૂર્વક કંઈક આજ્ઞા કરવી હોય કે કોઈને સંબોધન કરવું હોય ત્યારે પણ આ ચિહ્ન વપરાય છે.

કટાક્ષ કે વક્રોક્તિ દર્શાવવા પણ આ ચિહ્નનો ઉપયોગ થાય છે.

ઘણા લાંબા વાક્યને અંતે જો આશ્ચર્યવિરામ વાપરવામાં આવે તો તે હાસ્યાસ્પદ લાગશે.

(૭) **લઘુરેખા** :-સંયુક્ત વાક્યમાં શબ્દો જોડવા માટે લઘુરેખા વપરાય છે.

**ઉદા.** ગીરના અભયારણ્ય-એશિયાઈ સિંહોના નિવાસસ્થાનમાં શિકાર કરવાની મનાઈ છે.

(૮) **ગુરુરેખા** :-જુદા જુદા શબ્દો કે વિચાર એકસાથે વ્યક્ત કરવા/બતાવવા ઘણીવાર વાક્યમાં ગુરુરેખા મૂકવામાં આવે છે.

**ઉદા.** અન્ન, જળ અને વાયુ – આ ત્રણ આવશ્યક છે.

ગરીબી અને બેકારી – ભારતના સળગતા પ્રશ્નો છે.

(૯) **અવતરણ ચિહ્ન** :-કોઈના બોલેલા શબ્દો કે કથન જો તેના જ શબ્દોમાં બતાવવાના હોય ત્યારે તે વાક્યો અવતરણચિહ્નોથી બતાવાય છે.

**ઉદા.** ગાંધીજીએ કહ્યું; ''અંગ્રેજી ભાષાના શબ્દોની જોડણી ખોટી કરતાં આપણને શરમ લાગે છે, તેના કરતાં માતૃભાષાની જોડણીનો વધ કરતાં આપણને વધારે શરમ લાગવી જોઈએ''.

કોઈ ખાસ શબ્દ કે શબ્દસમૂહ પર ભાર બતાવવો હોય ત્યારે એકવડાં અવતરણ વપરાય છે.

**ઉદા.** એમણે એમ કહ્યાની મારા મન પર છાપ રહી ગઈ છે કે એમના ભત્રીજાનું વલણ 'અસમાધાનકારક' હતું.

(નોંધ : અહીં અધોરેખા પણ વાપરી શકાય.)

કોઈ વાર એકનાં વચનો ચાલુ હોય તેમાં વળી બીજાનાં વચનો આવે ત્યારે પહેલામાં બેવડાં અવતરણ-ચિહ્ન અને બીજા માટે એકવડાં અવતરણ-ચિહ્ન વપરાય છે.

અવતરણમાં શરૂ થયેલું લખાણ લાંબું ચાલે અને તેમાં પેરેગ્રાફ આવે ત્યારે દરેક પેરેગ્રાફની શરૂઆતમાં અવતરણચિહ્ન વાપરવું, પણ તે પેરેગ્રાફ પૂરો થાય ત્યાં તે બંધ ન કરવું; આખું કથન પૂરું થાય ત્યારે જ તે બંધ કરવું.

અવતરણ-ચિહ્ન હમેશાં યુગલમાં જ વપરાય, એક જ ક્યારેય વપરાય નહિ.

નીચેનાં વાક્યોમાં અવતરણ ચિહ્નનોનો ઉપયોગ બરાબર જુઓ :

૧. મગને કહ્યું, "હું જવાનો નથી" ?

૨. મગને કહ્યું, "હું જવાનો નથી ? "

૧. મગને કહ્યું, " મેં એને જોયો નથી"?

૨. મગને કહ્યું, "મેં એને જોયો નથી?"

આમાં એકમાં આખો પ્રશ્ન મગનને વિશે કોઈ બીજી વ્યક્તિ પૂછે છે એટલે પ્રશ્નવિરામ પહેલાં અવતરણચિહ્નો છે; જ્યારે બીજામાં મગન પોતે જ પ્રશ્ન પૂછે.

**(૧૦) લોપ ચિહ્ન** :-શબ્દમાં કોઈ અક્ષર કે અક્ષરોનો લોપ થયો હોય ત્યારે તે શબ્દની સ્પષ્ટતા માટે લોપચિહ્ન વપરાય છે.

**દા. ત.** આ પુસ્તક મને ગમ્યું'તું. ગમ્યું હતું.

| | |
|---|---|
| વલ્લભવિદ્યાનગર | વ'વિદ્યાનગર |
| અમદાવાદ | અ'વાદ |

આ ચિહ્ન અંગ્રેજીમાં એપોસ્ટ્રોફીનું ચિહ્ન છે તેના જેવું છે. ખાસ કરીને કાવ્યમાં આ ચિહ્ન વપરાય છે.

**ઉદા.** માથા પે પોટલી દાબી, બગલે બચકા, 'થવા

હાથમાં ટિનના ડબ્બા,............

### એ જ

અંગ્રેજીમાં એને ડિટ્ટો (ditto) કહેવામાં આવે છે. આગળ કહ્યું છે એ જ, એમ સૂચવવા આ ચિહ્ન વપરાય છે.

**ઉદા.** પટેલ છ. ભૂ.

" હ. કા.

" ફુ. હ.

### કૌંસ

( ), [ ], { } અંગ્રેજીમાં તો આ ત્રણે કૌંસ માટે પૅરેન્થેસિસ, બ્રેકેટ અને બ્રૅસ એમ ત્રણ જુદા જુદા શબ્દો છે. આના ઉપયોગો સુવિદિત છે એટલે એની વિગતોમાં ઊતરવું નથી.

### ટપકાં

અંગ્રેજીમાં એને ઈલિપ્સિસ કહે છે. કંઈક છોડી દીધું છે એમ બતાવવા આ વપરાય છે. સાધારણ રીતે ત્રણ ટપકાંનો આવો સમૂહ ... મુકાય છે. કોઈ વાર જરૂર પડે તો ચારપાંચ ટપકાં કે ત્રણત્રણના બે કે ત્રણ સમૂહ મુકાય છે. ગણતરી કે યાદી ચાલુ જ છે એમ બતાવવાને માટે પણ ટપકાં વપરાય છે.

**ઉદા.** એણે મૂળાક્ષરો લખવા માંડ્યા : ક, ખ, ગ ... ... ...

ધ્યાન એ રાખવાનું છે કે કેવળ ફેશન તરીકે ટપકાંનો ઉપયોગ કરવો નહીં.

### ત્રાંસી લીટી

અંગ્રેજીમાં આને બાર કે ઑબ્લિક કહે છે. એનો ઉપયોગ હમણાં હમણાં ઠીક -ચારમાં આવ્યો છે.

એનો સાધારણ ઉપયોગ અને/અથવા જેવા દાખલાઓમાં થાય છે. કેટલીક વાર 'જેમ' 'જેટલા' એવા અર્થમાં વપરાય છે. જેમ કે ૧૦૦૦ નકલોનો ઓર્ડર આપ્યો હોય તેના બિલમાં ૧૧૫૦/૧૦૦૦ એમ હોય, તો એનો અર્થ એમ થાય કે, "૧૧૫૦ જેમ ૧૦૦૦". એટલે કે નકલો ૧૧૫૦ મોકલાવી છે, પણ બિલ ૧૦૦૦નું જ કર્યું છે. તારીખ, મહિનો, વર્ષ જુદાં પાડવા પણ આ ચિહ્ન વપરાય, જેમ કે ૧૧/૧૧/૭૦.

### પોલું મીડું

આપણે ત્યાં આ ચિહ્ન પણ -ચારમાં છે. શબ્દને ટૂંકાવવામાં તે વપરાય છે, જેમ કે :

ઉદા૦ ઉદાહરણ.

કાવ્યમાં ધ્રુવપંક્તિનું પુનરાવર્તન થયું હોય ત્યારે એ પંક્તિનો પહેલો શબ્દ લખીને પછી પોલું મીડું મૂકવામાં આવે છે.

### ફૂદડી

આ ચિહ્ન સંદર્ભસૂચક છે. એના આકારથી જ એ વાચકનું ધ્યાન ખેંચે છે. વિશેષ માહિતી માટે પાદટીપ જુઓ, એમ તે સૂચવે છે. ક્યારેક કશુંક છોડી દીધું હોય ત્યારે પણ આ ચિહ્નનો ઉપયોગ થાય છે.

### મોરપગલું

આને ઘોડી પણ કહે છે. વાક્યમાં કંઈક ઉમેરવું હોય તો આનો ઉપયોગ થાય છે.

દરિયાકિનારે

**ઉદા.** રમેશ, સુરેશ, તરુણ તથા ઉમેશ ∧ ફરવા ગયા.

### વિગ્રહરેખા

વિગ્રહરેખા સામાન્ય રીતે બે માપની આવે છે. એક, એક એમની અને બીજી, અર્ધા એમની. આ રેખાનો ઉપયોગ ખૂબ જાણીતો છે.

અર્ધા એમની વિગ્રહરેખા તારીખ લખવામાં વપરાય છે.

**ઉદા.** ૬–૧–'૦૬.

### શબ્દતૂટક

સામાસિક શબ્દોમાં આ ચિહ્ન વપરાય છે. અંગ્રેજીમાં જેને હાઈફન કહે છે તે આ ચિહ્ન છે. શબ્દની જોડણી સ્પષ્ટ બતાવવા તે વપરાય છે.

**ઉદા.** કા–મિ–ની

તોતડાતી વાણી દર્શાવવી હોય તો પણ આ વપરાય છે.

**ઉદા.** બ–બ–બ બાળક કેવું સુંદર છે !

# ૧૦. પ્રૂફ રીડિંગની સંજ્ઞાઓ

પ્રૂફરીડરને સંસ્થાની સ્વીકૃત જોડણી અંગે માહિતી હોવી જોઈએ, જેથી બધાં પ્રકાશનોમાં જોડણી એકધારી રહે.

૧. જે શબ્દો સામાન્ય રીતે કોશમાં મળતા નથી, તેની તેણે એક નોંધ કરી રાખવી જોઈએ, અને આખા પુસ્તકમાં તે મુજબ સળંગ એકધારી જોડણી રાખવી જોઈએ. અંગ્રેજી વિદેશી નામો કે શબ્દો, દેશોનાં નામો વગેરે માટે ડેનિયલ જોન્સની 'ઇંગ્લિશ પ્રોનાઉન્સિંગ ડિક્શનરી'ને આધારભૂત ગણીને ચાલવું ઠીક ગણાશે.

૨. હસ્તપ્રતમાં કંઈ શંકા ઊઠે તો તે અંગે લેખકનું ધ્યાન ખેચવું. સારી રીત એ છે કે પુસ્તક શરૂ થાય અને પ્રૂફરીડર એક ફરમો વાંચી લે પછી પ્રૂફરીડરે અને લેખકે મળવું જોઈએ અને મુશ્કેલીઓ જણાઈ હોય તો તેની ચર્ચા કરી લેવી જોઈએ.

૩. છપાયેલા ફરમાની એક એક નકલ પ્રૂફરીડરને અને લેખકને નિયમિત મળવી જોઈએ, જેથી આગળનું સંધાન, સંદર્ભ, ક્રમ વગેરે બરાબર જોઈ શકાય. વળી લેખકને તે સૂચિ બનાવવાના કામમાં પણ આવશે. એમ કરવાથી વિલંબ ટાળી શકાય છે.

૪. જોડણીના વિકલ્પો કાઢી નાખીને એક જ જોડણી સ્વીકારી હોય તે ઠીક થશે.

પ્રૂફરીડિંગનું કામ એક રીતે થોડું ટેકનિકલ પણ છે. પ્રૂફરીડરને બધાં બીબાંની, જુદા જુદા ફોન્ટ વગેરેની, મેઝરની ખબર હોય તે જરૂરી છે. લેખક એટલી વિગતે ન જાય તો એની પાસે એવી અપેક્ષા પણ નથી. પરંતુ સારો લેખક પ્રૂફરીડિંગ પણ જાણતો હોય તો તે આદર્શ છે. સાધારણ વાચક કે લેખક સામાન્ય રીતે આખો શબ્દ, આખું વાક્ય એકસાથે વાંચતો હોય છે. પ્રૂફરીડર અક્ષરે અક્ષર વાંચે તો જ તેને ભૂલો દેખાશે.

**પ્રૂફ-વાચનમાં વપરાતી નિશાનીઓ તથા તેની સમજણ :**

δ અથવા θ વધારાના અક્ષર છે તે કાઢી નાખો.

ʎ અથવા ∧ નવો ઉમેરો કરો. (ઉમેરવાની વસ્તુ લાંબી હોય તો તેની આસપાસ કૂંડાળું કરી દર્શાવવું.)

/ અક્ષર (કે ચિહ્ન) બદલી તેને બદલે બીજું દર્શાવેલું મૂકો.

+/ અક્ષર ભાંગેલો અથવા ખરાબ છે; બદલીને સારો મૂકો.

ᑫ અક્ષર ઊંધો છે તેને ઉલટાવો.

⊥ વચ્ચે 'સ્પેસ' કાળો ડાઘ ઊઠી આવે છે તેને બેસાડી દો.

# બે અક્ષરો ભેગા છે તેને છૂટા પાડો.

⁐ અક્ષરો કે શબ્દો છૂટાછૂટા છે તેને ભેગા કરો.

˘ વચ્ચેની જગ્યા અણસરખી છે તે સરખી કરો.

⌣ શબ્દો વચ્ચે બહુ જગ્યા છે તે માફકસર કરો.

,/ ; અલ્પવિરામ કે અર્ધવિરામ મૂકો.

⊙ પૂર્ણ વિરામ મૂકો.

* " ફૂટનોટનું ચિહ્ન, ઍપોસ્ટ્રૉફ અથવા અવતરણ ચિહ્ન ઉમેરો.

< શબ્દો ઊલટાસૂલટા થઈ ગયા છે તેનો ફેરબદલો કરીને સરખા કરો. (બે કરતાં વધારે શબ્દનો જ્યારે ફેરબદલો કરાવવો હોય ત્યારે એ દરેક શબ્દની નીચે જોઈતા ક્રમ ૧, ૨, ૩, ૪, એમ અંક મૂકીને દર્શાવવું.)

NP નવો પેરેગ્રાફ પાડો.

⌥ પેરેગ્રાફ છે તે કાઢી નાખીને સળંગ લખાણ લો.

← ખસેડીને વચ્ચે લો. (આઘું પાછું અથવા વચ્ચે, જેમ જોઈતું હોય તે મુજબ દર્શાવવું.)

□ એક 'એમ' જગ્યા ઉમેરો. ('એમ' એટલે $\frac{૧}{૬}$ ઇંચ)

□□ બે 'એમ' જગ્યા ઉમેરો.

/—/ એક 'એમ' લંબાઈની ડેશ ઉમેરો.

/——/ બે 'એમ' લંબાઈની ડેશ ઉમેરો.

wf રોંગ ફૉન્ટ - એટલે કે ખોટી જાતનો ટાઈપ છે, માટે બદલો.

Stet સુધારો ન કરતાં, છે તેમ ને તેમ જ કાયમ રાખો.

/// લીટીઓ વાંકીચૂકી છે તે સરખી કરો.

## ત્યારે 'સાહિત્ય' એટલે શું?

માણસના આત્મામાં રહેલા ભાવોની ઉપર્યુક્ત
વર્ણવી તે તે બધી સ્થિતિઓ રસાનુભવ ઉત્કૃષ્ટ
સતર્પણની સ્થિતિઓ છે. તેવી સ્થિતિ, ભાવ
અને રસના તેવા અનુભવ મનુષ્યમાત્રને સર્વ
સામાન્ય હોવાથી તે સર્વનું પ્રત્યક્ષીકરણ વા
આલેખન જેમાં, તેવી રચના/કાવ્ય કે નાટક,
રસભર નિબંધ, નવલિકા કે નવલ—પ્રત્યેક
માણસને માણસ તરીકે આકર્ષે છે અને વશ
કરે છે, તેના આત્માને અલૌકિક સૂક્ષ્મતમ
સંતૃપ્તિનો અધિકારી ઠરાવે છે.
એવાં આકર્ષણ ને વશીકરણ કરનાર દરેક
રચના તે સાહિત્ય અને તેનો રચનાર તે જ
સાહિત્યકાર અને બીજો નહીં. એવા સાહિત્ય-
કારને તો સિસૃક્ષા એ જ સાચું ને ઉત્કૃષ્ટ
જીવન છે, કોઇ સ્થૂળ પદાર્થ કે દ્રવ્ય, અથવા
*દ્રી અણધારી અકળ અંતઃપ્રેરણા જ્યારેજ્યારે
એ સિસૃક્ષાને જાગૃત કરે છે ત્યારે ત્યારે સા-
હિત્યકારને હાથે એવું ધન્ય ને અમર સર્જન
થઇ જાય છે જે સાહિત્ય સંજ્ઞાને પાત્ર કરે છે.

(રૂપેરી બાજુમાં) વિજયરાય કલ્યાણરાય

* સિસૃક્ષા એટલે સર્જનેચ્છા; ... કાવ્યા કાયાની ને
માનવજીવન અનિવાર્ય એષણા

રસ દરરોજ રૂપકા
જેનુ જીવન છે તેવા
બુદ્ધિમાન ...
સ્મૃતિઓના ...
પ્રાણ તરીકે,

# ૧૧. ક્લિષ્ટ શબ્દાવલી

અંગરાગ : કસ્તૂરી વગેરેનું લેપન
અજરામર : જેને ઘડપણ કે મોત આવે નહિ તે
અડગ : ડગે નહિ તે
અનુકૂળા : મળતે મળતી
અપવર્ગ : મોક્ષ
અભરાભરણ : ન ભરાય તેનું ભરનાર, નિરાધારનો આધાર
અભીષ્ટ : ઇચ્છેલું
અરવિંદમુખી : કમળના જેવા મોંવાળી(સ્ત્રી)
અર્ક : સૂર્ય
અલંકૃતિ : અલંકાર
અલખ : લક્ષ્યમાં આવે નહિ એવો (ઈશ્વર)
અવદાત : ઊજળું
અવસાન : છેડો, અંત
અંશ : ભાગ
અશોક : આસોપાલવ
અહિ : સર્પ
અહિવલ્લી : નાગરવેલ
ઉદે : પ્રકટ
ઉદ્દિષ્ટ : દેખાડેલું
ઉપવીત : જનોઈ
ઉભય : બેની સંખ્યા
ઉર : છાતી, મન
કંદુક : દડો
કમળા : લક્ષ્મી
કમળાકર : કમળવાળું સરોવર
કલહંસ : હંસનું બચ્ચું
કલિતા : કળી શકાય એવી
કામા : સ્ત્રી
કિરીટ : મુગટ
કિશોર : ફૂટતી જવાનીની અવસ્થા
કુસુમવિચિત્રા : તરેહ તરેહના ફૂલવાળી
કૃષિ : ખેતી
કેકિની શારદા : મોરની વાણી
કેતકી : કેવડાનું ઝાડ
કેતુમાળી : ધજાઓની હારરૂપ, મતલબ કે ધજ, ઉત્તમ
કેશુ : કેશૂડાં
કોટીશીર્ષા : કરોડ માથાવાળો સમર્થ ઈશ્વર
ખંજા : લૂલા
ગણ : જથો, ત્રણ અક્ષરના જથાનું નામ
ગંધદાનિકા : અત્તરદાની, ગુલાબદાની
ગાઢ : મજબૂત
ગી : ગિરા, વાણી
ગુરુ: મોટો
ગૂઢ : ગુપ્ત, છાનું
ગૃહ : ઘર, રહેઠાણ
ગ્રાહી : ગ્રહીને, પકડીને
ચંદ્રવર્ત્મ : ચંદ્રનો રસ્તો
છત : દોલત
છંદશૃંગાર : એ નામનું હિંદુસ્તાની પિંગળ
જંગ : યુદ્ધ
જનક : પિતા
જનની : મા, માતા
જ્ઞાતા : જાણનાર
તડવું : કોઈની પાછળ દોડવું
તરલનયન : ચપળ નેત્ર

તાળ : તાળી, છંદ બોલતાં જે અક્ષર ઉપર ટકોર વગાડાય તે
તિમિર : અંધારું
તુંગા : ઊંચા, ઉદ્ધત
તોટક : તૂટેલ
ત્રાતા : રક્ષણ કરનાર
દારા : સ્ત્રી
દિવા : દિવસ
દુઃખહારી : દુઃખ હરનાર
દુમિલાપ : દુષ્ટ મિલાપ
દ્રુતવિલંબિત : દોડવું અને ઊભા રહેવું
ધરણીધર : પૃથ્વીને ધારણ કરનાર, પરમેશ્વર
ધી : બુદ્ધિ
નગ : પર્વત
નય : નીતિ
નયધરવંશા : નમ્રતા, નીતિયુક્ત કુળના પુરુષ
નવપલ્લવ : નવા પાંદડાવાળું
નષ્ટ : ખોવાયેલું
નળ : રામનો એક વાનર સુભટ, એક રાજા
નિધાન : ભંડાર
નિધિ : સમુદ્ર
નિમિષ : અલ્પકાળ
નિરક્ષર : વગર ભણેલો
નિશીપાળ : રાતે ચોકી કરનાર
પટ : લૂગડું
પદ : પગ, છંદનો ચોથો ભાગ, પદવી
પય : દૂધ
પરઅંક : પૂર્વનો આંકડો
પરિતુષ્ટ : પ્રસન્ન
પિંગળ : એ નામના મુનિએ રચેલું છંદ-શાસ્ત્ર
પુંજ : ઢગલો
પુષ્પિતાગ્રા : ટીશીઓ ઉપર ફૂલવાળો વેલો
પ્રણામી : પ્રણામ કરનાર
પ્રભાવતી : કાંતિવાળી
પ્રમિતાક્ષરા : થોડા અક્ષરવાળી
પ્રસ્તાર : વિસ્તાર
પ્રિયંવદા : વહાલું લાગે તેવું બોલનારી
ફસવું : બંધનમાં આવવું
બાબુ : ગૃહસ્થ
બિંદુ : મીડું, છાંટો
ભગિની : બહેન
ભવદેવ : શિવ
ભામો : ભ્રમણા
ભારતી : સરસ્વતી
ભ્રમરાવળી : ભમરાની પંક્તિ
ભ્રાતા : (ભ્રાત) ભાઈ
મજરો : સલામ
મણિબંધ : હાથનું કાંડું
મત્તગયંદ : મસ્ત બનેલો હાથી
મંદાક્રાંતા : ધીમી ગતિવાળી
મધુ : મીઠાશ
મર્કટી : માંકડાની માદા
મલ્લિકા : એક જાતના ફૂલનું ઝાડ
માણવકાક્રીડ : બાળકની રમત
માલતી : એક ફૂલઝાડ
મુક્ત : બંધન રહિત
મુદમાત : આનંદમાં મસ્ત
મુનિશેખર : ઋષિનો તોરો અથવા ઋષિનો ઉપરી

મૌક્તિકદામ : મોતીની માળા
યથા : જેમ
રથોદ્ધતા : ગાડીનું અભિમાન
રંભા : અપ્સરા
રસરાતા : નવરસથી રંગાયેલા, ઈશ્વર
રુચિરા : સુંદર
લઘુ : નાનો
લત : ટેવ, વ્યસન, છંદ
લતા : વેલો
લલિત : સુંદર
વદન : મોઢું
વહ્નિ : વેલો, અગ્નિ
વંશસ્થ : વંશમાં રહેનાર
વસંતતિલકા : વસંત ઋતુના તિલકવાળી
વારિ : પાણી
વાસર : દિવસ
વિદારવું : કાપવું
વિદ્યુતમાળા : વીજળીનો જથો

વિધાતા : ધારણ કરનાર પરમેશ્વર
વિમોહા : મોહ પામેલી
વિરતિ : વિશ્રામ
વિલાસી : ખેલ કરનાર
વૃત્ત : છંદ
વૈશ્વદેવી : નિત્યહોમ કરવાવાળો
વ્યંડળ : હીજડો
શર : બાણ
હુતાશન : અગ્નિ

શશક : સસલું
શિખરિણી : પર્વત, ટેકરી
શિખા : ચોટલી
શુચિ : ચોખ્ખું
શિશુ : બાળક
શૈલ : પર્વત
શ્રવણ : કાન
શ્રી : લક્ષ્મી, શોભા
સતી સમાનિકા : સતી સરખી, સતી જેવી
સદ્ય : તરત
સમૂહી : જથાવાળો
સંમોહા : સારી પેઠે મોહ પામેલી
સરિતા : નદી
સલૂણી : રસીલી
સવિતા : સૂર્ય
સાગ્રા : ટીશીઓ સુધ્ધાં
સારંગ : સાર એટલે તત્ત્વ તરફ જનારો મૃગ હરિણ

સૂચિ : સાંકળિયું
સૃણિ : માળા, અંકુશ
સેનિકા : ફોજવાળા
સ્રગ્ધરા, સ્રગ્વિણી : માળાવાળી
સ્વાગતા : સારી રીતે આવેલી
હરણ : હરનાર
હરિરસ : પરમેશ્વરના કીર્તનનો રસ

**દલપત પિંગળમાંથી ઉદ્ધૃત**

# ૧૨. ભાષા કવિતા-વિચાર

દોહરા

કવિતા કહિયે કલ્પના, જન મનરંજન જાણ;
સરસ સરસ રસ શબ્દ ને, અર્થનિ રચના આણ. ૧

શબ્દનિ રચના સરસ તે, અધિક અધિક અનુપ્રાસ;
ઉપમા આદિક અર્થના, અલંકાર ઊજાસ. ૨

## સ્થાયીભાવ તથા રસ

હરિગીત

કંઇ દેખિને કે સાંભળી, સ્થિર ભાવ ભીતર જે રહે,
તે સ્થાયિભાવ ભલા કવીજન, નવ પ્રકાર તણા કહે;
રતિ, હાસ, શોક જ, ક્રોધ ને, ઉત્સાહ પંચમ પેખિયે,
વળિ જુગુપ્સા, ભય, વિસ્મયે, નિર્વેદ નવમો લેખિયે. ૩

દોહરા

ખરેખરો ખીલી રહે, ભાવ અચળ અતિ એહ;
રસ તેને કવિજન કહે, નવ વિધિના છે તેહ. ૪

રસ શૃંગાર ને હાસ્ય રસ, કરુણ રૌદ્ર વળિ વીર;
બિભત્સ ભય અદ્‌ભુત તથા, શાંત સુનવ રસ ધીર. ૫

## શબ્દાલંકાર

શબ્દ અલંકૃતિ અધિક[1] છે, ઉર ધર ધરી ઉમેદ;
ભાખે ભાષાના કવી, ભલા મુખ્ય ત્રણ ભેદ. ૬

સ્વર-અક્ષર-આવૃત્તિ ઝડ, ઝમક શબ્દ-સમુદાય,
વર્ણ તણી આવૃત્તિ તે, વર્ણસગાઈ ગણાય.

---

૧. બહુ

## ઝડ[1]નું ઉદાહરણ

મનહર છંદ

સારી વાત ન્યારી કરી ધારી તેં નઠારી હૈયે,
ઉક્તિ ઉચારી શણગારીને ગરવની;
ધરમ ન ધાર્યો કીધાં કરમ પરમ ક્રૂર
ભરમમાં ભૂલ્યો તજી શરમ સરવની;
દોડે દ્રવ્યદિશ, મળે વીસ તો ચાળીસ ચાહે,
ઈચ્છા અહર્નિશ છે ખરવ નિખરવની;
દીનની ન દાદ સુણે, સ્વાદ જાણી વાદ વદે,[2]
યાદ ભૂલ્યો મોતની પથારીના પરવની.[3] ૮

## ઝમક[4]નું ઉદાહરણ

વિચરી વિલાયતમાં લાયક વિલોક્યા લોક.
વિલોક્યાં વિશાળ રિદ્ધિવાળાં વળી ગામને;
મેળવ્યું વિશેષ જ્ઞાન, મેળવ્યું વિશેષ માન.
મેળવ્યું વિશેષ દેશહિતકારી કામને;
જાણીતો ન હતો પંથ, જોઈ ને જાણીતો થયો,
જાણીતા થઈ ને કીધા, જાણીતા તમામને;
મોટું એણે કીધું કામ, માટે દેશે મોટું માન.
મોટા મોટા મહીપતિ મહીપતરામને. ૯

સંભારી સંભારી ભારી ભારી હિતકારી કામ;
સંભારી સંભારી થૈ આ-ભારી એના નામને,
વખાણી વખાણી હર્ખ આણી રાય રાણી સુધ્ધાં.
વદશે સુવાણી શાણી જાણી એની હામને;
પર-ઉપકારી કર્મકારી કષ્ટ નષ્ટકારી.
કહી નરનારી ધારી ધારી જોશે ધામને;
મોટું એણે કીધું કામ, માટે દેશે મોટું માન,
મોટા મોટા મહીપતિ મહીપતરામને. ૧૦

---

૧. એને છેકાનુપ્રાસ પણ કહે છે, ૨. વાદ વદવામાં રસ- મઝા સમજી. ૩. જન્મ મરણ અને પરણ, એ ત્રણ પર્વ મનાય છે .
૪. એને યમક પણ કહે છે.

## વર્ણસગાઈ[1]નું ઉદાહરણ

છળભેદે છાની રીતે છોને લોક છેતરીને,
છેડે બાંધ્યું છે તે પાપ છોડ્યું કેમ છૂટશે ?
ફાવે તેમ ફંદ કરી ફોગટ તું ફૂલ્યો ફરે,
ફંદી તારો ફેલઘડો ફટ દઈ ફૂટશે;
કહું કદી કોડવાર, કથન ન કાન ધરે,
કપટી કુટિલ સાથે કોણ માથું કૂટશે ?
આયુષનો અંત આવ્યે એકલાએ ઊઠી જાવું.
અરે તારી અલખત આ તો અન્ય લૂંટશે. ૧૧

**અર્થાલંકાર**

દોહરા

અર્થ અલંકૃતિના અધિક, જાણો જૂદા ગ્રંથ;
આઠ મુખ્ય એમાં કહું, પ્રકટ જાણવા પંથ. ૧૨

ગુણ સરખા બેના મળે, ઉપમા તેહ નિદાન;
ઉદાર નર આ ભોજ સમ, સુરગુરુ સમ વિદ્વાન. ૧૩

મળતા ગુણથી માનિયે, આ તે શું આ હોય ?
તો ઉત્પ્રેક્ષા તેહને, કહે કવી સઉ કોય. ૧૪

**સોરઠો**

કરેલ કીરતિ મેર, દુનિયામાં તે દેખવા;
શું ફાર્બસ થઈ ફેર, ભોજ પધાર્યો ભૂમિમાં ? ૧૫

**દોહરા**

'આ વસ્તૂ આ રૂપ છે.' એમ કહે જે ઠામ;
જાણે કવિ કોવિદ સઊ, રૂપક તેનું નામ. ૧૬

ક્ષમારૂપિયું ખડ્ગ ધરિ, ધરિ ધીરજની ઢાલ,
દુર્ગુણરૂપી દુશ્મનો, ઝપટ જીતવા ચાલ. ૧૭

અતિશય ટકા ચઢાવિને વદે વધારી વાત,
અતિશયોક્તિ તેને કહે, પંડિત જન પ્રખ્યાત. ૧૮

આ અવસર આ પુર વિશે, વધ્યો વૈદ્યનો સાથ,
પથરો લેવા જ્યાં નમું, વૈદ્ય જ આવે હાથ. ૧૯

---

૧. એને વૃત્ત્યનુપ્રાસ પણ કહે છે.

અર્થ અનેક જણાય જ્યાં શ્લેષ અલંકૃતિ જાણ;
જો ગણિયે તો દેવતા, નહિ તો-રણ પાષાણ. ૨૦

નિમિત્ત બીજાનું લઈ, કહિયે કાંઈક વાત,
અન્યોક્તી તેને કહે, પ્રવિણ પુરુષ પ્રખ્યાત. ૨૧

નકટી! દર્પણ નિરખિને, ધરિશ ન હૃદયે રોષ;
તુજ મુખ પર નહિ નાક તો, દર્પણનો શો દોષ? ૨૨

કારણ વિણ કારજ થયું. કહે કવી જે ઠામ,
અલંકાર એવા તણું, વિભાવના છે નામ, ૨૩

કાન વિશે કુંડળ નહીં, નહિ હૈયા પર હાર;
શરીર શોભે સુજનનું, સજ્યા વિના શણગાર. ૨૪

જાતિસ્વભાવ જ વર્ણવે, સ્વભાવોક્તિ તે માન;
સારો નરસો નવ જુએ, ભલે સર્વને શ્વાન. ૨૫

## કવિતા ગુણ વિશે

કહિયે અંતર્લાપિકા, યુક્તી અંદર હોય;
યુક્તિ ઊપજે બ્હારથી, બહિર્લાપિકા સોય. ૨૬

## અંતર્લાપિકા

એકાંતર અક્ષર કવી, એમ કહે ચતુરાઈ;
દગલ નૃપતિ તજ રાજ્યમદ, ડાટિ હાલ ભાટાઇ. ૨૭
(એમાંથી એક એક અક્ષરને આંતરે કવિનું નામ નીકળે છે.)

## બહિર્લાપિકા

ચતુર્થાંશનું નામ શું, હાનો ઉલટો જેહ;
કામિનિ કહે છે કંથને, આપો મુજને એહ. ૨૮
(ઉત્તર : પાન)

## એકાનેકોત્તર

ઉત્તર એક વિશે ઘણા, ઉત્તર રહે સમાઈ,
એકાનેકોત્તર કહો, જુગતે તેને ભાઈ. ૨૯

કોણ અધિક સ્નેહી સગું ? શું ઇચ્છે સૌ આપ ?
ઉત્તમ પ્રાણી કોણ છે, માનવિ મોટે માપ ?
('માનવી' એમાં ત્રણે ઉત્તર છે : મા, માન, માનવી.) ૩૦

## અંતર્લાપિકા-એકાનેકોત્તર મિશ્ર

### મનહર છંદ

હોય શું હાથીની પીઠે, શું ઘડીને સાઠે ભાગે,
કહો વાર કેટલાક, શોભીતી શી ચીજ છે;
કેટલા મનુષ્યે મળી વંશનો વિસ્તાર થાય,
વિદ્યાનાં વિશેષ કહો કોણે વાવ્યાં બીજ છે;
કેણે રાજનગરમાં કીધી ફોજદારી સારી ?
સાત પ્રશ્ન સાંભળીને લીટી બે લખી જ છે;
પ્હેલો હોપ સાહીબે ને દુજી તો દોલતરાયે,
ઉત્તર એમાંથી લીધા સાતે સમજી જ છે. ૩૧

| ઉત્તર | ૬ | ૭ |
|---|---|---|
| ૧ | હો | દો |
| ૨ | પ | લ |
| ૩ | સા | ત |
| ૪ | હી | રા |
| ૫ | બે | યે |

### ગૂઢોત્તર

કવિતામાં ચતુરાઈથી, ગૂઢ સમાવ્યો હોય,
ને જે પ્રીછ્યો જાય નહિ, ગૂઢોત્તર કહું સોય. ૩૨

### ચોપાઈ

ખેડૂતને શેનું બહુ કામ ? બીજા પક્ષ તણું શું નામ ?
જે સમજે નહિ ઉત્તર સદ્ય, તો કહું છું કે જા હળવદ. ૩૩

(કહ્યું કે ન સમજે તો કાઠિયાવાડનું ગામ હળવદ છે ત્યાં જા, પણ તેમાં જ ઉત્તર છે કે હળ અને વદ)

## અલ્પાર્થ

દોહરો

બોલ તણો વિસ્તાર બહુ, ને સંક્ષિપ્ત જ અર્થ,
હોય રહેલો જે વિશે, તે કહિયે અલ્પાર્થ ૩૪

નગ દુહિતા પતિ પુત્રના, વાહનધરની નાર,
રવિ તેના પિતુ પર પડ્યો, પણ નાવ્યો ભરતાર. ૩૫

(**અર્થ** : હે સખી ! પવર્તની દીકરી પાર્વતી, તેનો પતિ શિવ, તેનો પુત્ર કાર્તિક સ્વામી, તેનું વાહન મોર, તેનો ધરનાર વિષ્ણુ, તેની સ્ત્રી લક્ષ્મી, તેનો બાપ સમુદ્ર કહેવાય છે, તેના ઉપર સૂર્ય પડ્યો મતલબ કે સૂર્ય આથમ્યો; પણ હજી મારો ધણી ઘેર આવ્યો નહિ.)

## અધિકાર્થ

અતિ સંક્ષિપ્ત વચન અને, અર્થ અધિક નિરવાણ,
હોયે જ્યાં કવિતા વિશે તે અધિકાર્થ પ્રમાણ. ૩૬

વિ. દી. ઉ. બ. હુ. ના વાયદા, વીત્યા જોતાં વાટ;
મુજ હૈડામાં હે સખી ઉપજ્યા અધિક ઉચાટ. ૩૭

(**અર્થ** : વિજયાદશમી, દિવાળી, ઉત્તરાયણ, બળેવ અને હુતાશનીના વાયદા વાટ જોતાં જોતાં વીતી ગયા; હે સખી ! હવે તો હૈયામાં ઘણા ઉચાટ ઊપજ્યા.)

## ધ્વનિ કાવ્ય

ધ્વનિ ઉપજે જે અર્થમાં, ઉત્તમ કવિતા એહ ;
ગ્રંથ વધે વિગતે લખ્યે, કહું ટૂંકામાં તેહ, ૩૮

નર બે ન્યાયાધીશની, ભલી કરી મેં ભેટ ;
મુખ મોટું છે એકનું, અવરનું મોટું પેટ. ૩૯

(એમાં એવું કહ્યું કે બે ન્યાયાધીશ છે. તેમાં એક મોટા મોંવાળો છે અને એક મોટા પેટવાળો છે. મતલબ કે એકનું લાંચ ખાતાં મોં ભરાતું નથી, અને બીજો મોટા દિલવાળો ઉદાર છે.)

ઈત્યાદિક અગણિત દિસે, રચના ચિત્ર વિચિત્ર ;
દેખાડી દિશ માત્ર મેં, મનમાં ધરજો મિત્ર. ૪૦

## કાવ્યસંકેત

(દોહરા)

હ્રસ્વ ઉચરિયે દીર્ઘનો, દીર્ઘ હ્રસ્વ ઉચરાય,
જોડાક્ષર જૂદા પડે, જૂદા નવ જોડાય. ૪૧

વિના અનુક્રમે ગોઠવે, કર્તા કર્મ ક્રિયાય,
અર્થ અનુક્રમથી કરે, એ અન્વય કહેવાય. ૪૨

જે, તે, જો, તો, ને વળી, હો ધાતૂનાં રૂપ,
એ શબ્દો ઉમેરીને, કરે અર્થ કવિભૂપ. ૪૩

ભણે વિભક્તી છઠ્ઠિએ, ' તણું કેરું' એ વીધ ;
કીધું બદલે કીધ ને દીધ, લીધ ને પીધ. ૪૪

જૂના કવિઓએ જુઓ, એવા શબ્દ લખેલ ;
તેમ ઉચરિયે તેટલા, નહિ ગણિયે બગડેલ. ૪૫

પણ જો નવા બગાડિયે, તો તે ભારે ભૂલ ;
એક જ કવિએ એક થળ, લખેલ તે તે તુલ્ય. ૪૬

ઊદધિ બદલે દધિ લખો, તનૂજ બદલે તંન ;
દય નહિ લખિયે ઉદયનો, મનુજ તણો નહિ મંન. ૪૭

નિયમ જોઈ વ્યાકરણનો, નવો શબ્દ તો થાય ;
અથવા સંસ્કૃત શબ્દ પણ, વિવેકથી વપરાય. ૪૮

કોમળ લાગે કાનને, મન ઉપજે મીઠાશ,
જુક્તિ સરસ જો જાણિયે, કવિમાં નહીં કચાશ. ૪૯

## કાવ્યદૂષણ

દોહરા

આંબાનો રક્ષક કહે, બાગ આવશો આજ,
તો ત્યાં તમને તુરત હું, મરવા દઉં મહારાજ. ૫૦

## નિંદાયુક્ત

જીવિ ઘણા જુગ જગતમાં, લે કીર્તિ ગણિ લાખ,
એ આશિષ આપું તને, લે ખોબો ભરિ રાખ. ૫૧

## દેખીતી ભૂલ

ધૂમાડો સિંદુરસમો, કાજળ જેવી ઝાળ ;
ચૂના જેવા કોયલા, રાખ ગુલાબી લાલ. ૫૨

## ક્લિષ્ટાર્થ

જો હું ગતિ જ્યાં જાય ત્યાં, કરું છું જ્યારે લોક,
અથાક ગુણ વીચારતાં, સરસ વધે છે શોક. ૫૩

(**અર્થ :** હે લોકો ! જ્યાં જાયનાં ઝાડ હોય ત્યાં જ્યારે હું ગતિ કરું છું ત્યારે તેની સુગંધનો ઘણો ગુણ વિચારતાં મારા મનમાં સારો શોક શોખ વધે છે, અહીં અર્થ ક્લિષ્ટ છે.)

(કદાપિ ચિત્રકાવ્ય કે બે અર્થવાળી કવિતામાં ક્લિષ્ટાર્થ આવે તો તે દોષ કહેવાય નહિ.)

## પુનરુક્ત

રાજકુંવર સારો સરસ, જુવાન તે જો સોય,
પશૂ જનાવર જાણવો, જો ન ભણેલો હોય. ૫૪

(સારો અને સરસ તે અને સોય, પશુ અને જનાવર, એ બબ્બે શબ્દોના એક જ અર્થ છે એટલે પુનરુક્તિ થાય છે.)

દોષ નહીં પુનરુક્તનો, ફરે અર્થ-આકાર ;
સરસ બુદ્ધિ તે મનુષ્યની, જેના સરસ વિચાર. ૫૫

હે હરિ હે હરિ હે હરિ, તું સુખનો દાતાર ;
ધન્ય ધન્ય તું ધન્ય તું, તું કરુણા કરનાર. ૫૬

## જતિભંગ

કોશળદેશ અધીશ દશ-રથ સુત સીતાનાથ ;
હેતે હું પ્રણમું જ હર-ખીને જોડી હાથ. ૫૭

(આમાં દશરથ, હરખીને એ શબ્દો તૂટેલા છે. અર્ધો શબ્દ પહેલા ખંડમાં અને અર્ધો બીજામાં હોવાથી જતિભંગ થાય છે.)

## હીનોપમા

શત્રૂની સીતા સમી, સંપત્તી હરનાર,
તું રાક્ષસ રાવણ સમો, પરમ પુરુષ અવતાર. ૫૮

(રાક્ષસની ઉપમા હીણપત ભરેલી છે.)

## વિરોધોપમા

કાંતાનું મુખ કમળ સમ, કોમળ અતિ વખણાય ;
પેખી પતિમુખ ચંદ્રને, પરમ પ્રફુલ્લિત થાય. ૫૯

(એમાં સ્ત્રીના મુખને કમળની ઉપમા આપી અને તેના પતિના મુખને ચંદ્રની ઉપમા આપી, પણ ચંદ્રને જોઈને કમળ પ્રફુલ્લિત થાય નહિ માટે એ વિરોધોપમા કહેવાય.)

ઈત્યાદિક દોષો અધિક, કવિતાના કહેવાય
મેં તો આ દિશ માત્ર કહિ, દેખાડ્યા કવિરાય. ૬૦

# ૧૩. સુવચનો અને સુભાષિતો

(૧) Work is Worship - 'કર્મ આપણો ધર્મ'.

(૨) મનુષ્યનો સાચો મિત્ર એની દસ આંગળીઓ છે. -ટેઈલર

(૩) ઓ પ્રભુ !

મને હાજરજવાબી જીભ આપવાને બદલે હાજરજવાબી હાથ આપજે !

(૪) જ્યાં સુધી દેખાય છે ત્યાં સુધી તો જાઓ, ત્યાં સુધી જશો તો આગળ પણ જરૂર દેખાશે !!! -રોબર્ટ બેન

(૫) ભેગાં મળીને જીવે તે ગામડાંની સંસ્કૃતિ, ભેગું કરીને જીવે તે શહેરી સંસ્કૃતિ.

(૬) એક મોટી તક આવી પહોંચે, તેની રાહ જોઈને બેસી રહેવાને બદલે, નાની નાની તકોને ઝડપી લેવાથી આપણે મુકામે ઝટ પહોંચીએ છીએ.

(૭) નીચે ગબડી પડવામાં નિષ્ફળતા નથી, ગબડ્યા પછી ત્યાં પડ્યા રહેવામાં છે.

(૮) મારગમાં તમને જે તુફાનો ભેટ્યાં, તેમાં જગતને રસ નથી, તમે નૌકા પાર ઉતારી કે નહીં ?

(૯) કોઈ પણ જાતની નડતર વગરનો રસ્તો, જો તમે શોધી શકો તો, કદાચ એ ક્યાંય નહીં જતો હોય.

(૧૦) દરેક દિવસને તમારી શ્રેષ્ઠ કૃતિ સમજજો.

(૧૧) તમારી જાત પાસેથી કામ લેવા માટે તમારા મગજનો ઉપયોગ કરો, બીજાઓ પાસેથી કામ લેવા માટે તમારા હૃદયનો.

(૧૨) જિંદગી તો સરાણિયાના પથ્થર જેવી છે, આપણને એ ઘસી નાંખે છે કે સજાવી દે છે તેનો આધાર આપણે ક્યા પદાર્થના બનેલા છીએ તેના પર રહે છે.

(૧૩) ચમત્કારો ક્યારેક થાય છે ખરા, પણ તેને માટે માણસને આકરી મહેનત કરવી પડે છે.

(૧૪) તમે જે કહેશો એ વિશે લોકો કદાચ શંકા કરે, પણ તમે જે કરી બતાવશો એ તેઓ માનશે.

(૧૫) यथैकेन न हस्तेन तालिका सम्प्रद्यते । तथोद्यमपरित्यज्यं न फलं कर्मण : स्मृतम् ॥
જેમ એક હાથથી તાળી પડતી નથી એમ ઉદ્યમ ત્યાગવાથી કર્મનું ફળ મળતું નથી.

(૧) શબ્દના અર્થ ઘણા હોય તો એમાંનો ક્યો અર્થ અમુક સ્થળે લેવો એ ઘણેભાગે પૂર્વાપર સંબંધથી નક્કી થાય છે. આસપાસનો સંબંધ વિચારી અનેક અર્થમાંથી જે અર્થ ઘટતો હોય તે લેવો.

(૨) ભાષા વિષયને અનુસરતી રાખવી, સાધારણ વર્ણન ચાલતું હોય ને એકંદર સાધારણ ભાષા ચાલતી હોય એમાં વચ્ચે થોડા કઠિન અને અપરિચિત શબ્દો મૂકવાથી ભાષા બેડોળ થાય છે. રચના સર્વત્ર એકધારી ચાલતી જાય ત્યારે ભાષા સુશ્લિષ્ટ બને છે.

(૩) દરેક ભાષાની રૂઢિ જુદી હોય છે, જેવું એક ભાષામાં લખાય છે તેવું બીજી ભાષામાં લખાતું નથી. આપણે આપણી રૂઢિ પ્રમાણે લખવું, પરભાષાની રૂઢિ અનુસરવી નહિ.

(૪) ગદ્યનું કામ તો શાંત સમજાવટનું છે. એમાં લાગણીઓનાં મોજાં ન હોય, સૌન્દર્યના સોહાગ ન હોય, ભવ્યતાના ઉન્નત તાન ન હોય, શૈલીની અટપટી ભંગિઓ ન હોય, ગદ્ય સલૂકાઈ અને સરળતાની મર્યાદા ન ઓળંગે; ગદ્ય તો સમજુ માણસો જોડે શાણો વાર્તાલાપ છે.

**- વિષ્ણુપ્રસાદ ત્રિવેદી**

શબ્દ ને તેના અર્થો પેઠે જ શબ્દપ્રયોગો આપણા શિષ્ટ સાહિત્યમાં ઊતરેલા જે મળે, તે બધાને પણ વીણીને સંઘરવા જોઈએ. તે માટે પણ સાહિત્યવાચન થવું જોઈએ- ભાષાની સેવાને માટે અખૂટ ક્ષેત્ર પડેલું છે - કામ કરનારા જોઈએ.

**- સ્વ. મગનભાઈ પ્રભુદાસ દેસાઈ**

ભાષા શુદ્ધ ન હોય, તો

લખાણનો અપેક્ષિત અર્થ ન સમજાય,

અપેક્ષિત અર્થ ન સમજાય, તો ધારેલું કામ ન થાય,

ધારેલું કામ ન થાય, તો

નીતિમત્તાનો હ્રાસ થાય, નીતિમત્તાનો હ્રાસ થાય, તો

ન્યાયનો ધ્વંસ થાય,

ન્યાયનો ધ્વંસ થાય, તો

લોકોની લાચારી અને હાડમારી વધી જાય,

માટે જ ભાષા હોવી ઘટે

શુદ્ધ, સરળ અને સ્પષ્ટ.

- કોન્ફ્યુશ્યસ

સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, રાજકોટ

आज़ादी का अमृत महोत्सव

સરકારી મુદ્રણાલય અને લેખન સામગ્રી, રાજકોટ